સુવિચાર
લક્ષ્ય પ્રાપ્તિ માટે એક ડગલું તમે આગળ ભરો... બીજુ પરમાત્મા ભરાવશે !
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૪/૦૫/૨૦૨૫, બુધવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

SINCE 1939
હરિૐ PENDAWALA
રસપાત્રા
ખાંડવી
બેબી ઈડલી
નવુ એસ.ટી.બસ સ્ટેન્ડ કોમ્પ્લેક્ષ, દુકાન નં.૯,અમરેલી,મો.89999 90099

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૧ વૈશાખ વદ-૨ વર્ષ : ૧૬ અંક : ૧૩૦

## થોડા દિવસો પહેલા ઝડપાયેલ મૌલાનાની તપાસ દરમિયાન હકીકત સામે આવતાં

# હીમખીમડીપરામાં ગેરકાયદેસર રીતે બનેલ "મદ્રેસા"ને હટાવી દેવાયું

**સમગ્ર દેશમાં બુલડોઝરની બોલબાલા હોય હવે અમરેલી જિલ્લામાં પણ દબાણની કામગીરી શરૂ**

**અસામાજિક પ્રવૃત્તિ કરતાં શખ્સોનાં ગેરકાયદેસર બાંધકામો તોડવાનું અભિયાન આગળ વધ્યું**

**વહીવટીતંત્ર દ્વારા વ્હેલી સવારથી જ મદ્રેસાને હટાવી લેવાની કામગીરી શરૂ કરવામાં આવી**

**પ્રાંત કલેકટર, ૨ નાયબ પોલીસ અધિક્ષક, ક્રાઈમ બ્રાન્ચ અને સ્થાનિક પોલીસની હાજરીમાં દબાણ દૂર કરાયું**





અમરેલી, તા. ૧૩

થોડા દિવસ પહેલાં જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં આંતકવાદીએ નિર્દોષ પ્રવાસીઓ ઉપર હુમલો કર્યા બાદ સરકાર દ્વારા ગેરકાયેદસર ઘુસણખોરી કરનારા શખ્સો સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવા માટે થઈ ઠેર ઠેર ચકાસણી હાથ ધરેલ હતી. આ તપાસણી દરમિયાન અમરેલીના સ્પે. ઓપરેશન ગૃપને અમરેલી જિલ્લાના ધારી ગામ નજીક આવેલ હિમખીમડી પરા વિસ્તારમાંથી પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વોટસએપ ચેટ ગૃપમાં વાતચીત કરતા ઝડપાયેલા મૌલાના મોહમદફઝલ અબ્દુલજીજ શેખ પર જાણવાજોગ ફરિયાદ દાખલ કરવામાં આવેલ હતી અને બાદમાં અમદાવાદ એટીએસ દ્વારા તપાસ ચાલુ હોય.

ધારીના હીમખડીપરા વિસ્તારમાં આવેલ આ મૌલાના રહેતા હતા તે 'મદરેસા'નું બિલ્ડીંગ ગેરકાયદેસર રીતે ઉભું કરવામાં આવેલ હતું. જે અંગે ધારી પ્રાંત અધિકારીની તપાસમાં આવતાં અને મદરેસા વાળા આ જગ્યાની માલિકી અંગેના કોઈ આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ જતાં અને આ જમીન હેતુફેર થયેલી જમીન ઉપર ગેરકાયદેસર રીતે મદ્રેસા ઊભુ થયેલ જણાતા અને જરૂરી ડોકયુમેન્ટ મદ્રેસા દ્વારા પ્રસ્થાપિત ન થતા અને આ મદરેસા વાળી જગ્યા ખુલ્લી કરવા માટે આદેશ આવતાં આજે સવારે ૭ વાગ્યાથી વહીવટી તંત્ર દ્વારા બુલડોઝર ફેરવવામાં આવ્યું હતું.

મુખ્યમંત્રી દાદાનું બુલડોઝર આજે મદ્રેસા પર ચાલ્યું હતુ અને સમગ્ર વહીવટી તંત્ર આજે વ્હેલી સવારથી કામે વળગ્યું હતું. આ દબાણ દૂર કરવા માટે થઈ ધારીના પ્રાંત કલેકટર, ૨ ડીવાયએસપી, લોકલ ક્રાઈમ પોલીસ અને ધારી પોલીસ તંત્ર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો. મદ્રેસા ઉપર બુલડોઝર ફરે તે સમયે કોઈ અશાંતિ ન સર્જાઈ તે માટે પોલીસ તંત્ર દ્વારા ચાંપતો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો.

## અમરેલી જિલ્લામાં વ્યાજખોરોને કાયદાનો કોઈ ડર રહ્યો નથી

# સાવરકુંડલાનાં આધેડ વેપારીને આપેલ નાણાની ૮ ઈસમો સતત કડક ઉઘરાણી કરતાં'તા

## અંતે વેપારીએ વ્યાજખોરોનાં ત્રાસથી ગળાફાંસો ખાઈ લીધો

અમરેલી, તા. ૧૩

સાવરકુંડલા ગામે આવેલ દેવળાગેટ વિસ્તારમાં રહેતા અશોકભાઈ છગનભાઈ ચૌહાણ નામના ૪૭ વર્ષિય આધેડ ટી.જી. પેંડા (અને) શ્યામ શ્રધ્ધા સ્વીટ નામની દુકાન ચલાવતા હોય. પરંતુ તેઓને દુકાનમાં ધંધો બરોબર ચાલતો ન હોય અને ધંધામાં ખોટ જતી હોય. જેથી તેમણે સાવરકુંડલા તાલુકાના કરજાળા ગામના વતની અને હાલ સાવરકુંડલા ગામે રહેતા આરોપી બીપીનભાઈ ધીરૂભાઈ શેલાર પાસેથી રૂપિયા નવ લાખ ઉંચા વ્યાજે લીધેલ હતા અને તેમણે સામે કોરા ચેક પણ આપેલ હતા. તેમજ વધુ નાણાની જરૂરિયાત પડતા સાવરકુંડલા ગામે રહેતા ભાવેશભાઈ ગોલણભાઈ વીકમાં નામના આરોપી પાસેથી એક લાખ રૂપિયા ૧૦ ટકા વ્યાજે લીધેલ હતા. સાવરકુંડલા ગામે આવેલ દેવળા ગેટ વિસ્તારમાં રહેતા આરોપી મહેન્દ્રભાઈ નરોતમભાઈ નથવાણી પાસેથી ઉંચા વ્યાજે બે લાખ લીધા હતા અને ૫ વર્ષથી દર મહિને રૂપિયા ૬૦૦૦ વ્યાજ આપતા હતા તથા સાવરકુંડલાના દેવળાગેટ શ્રીજી કોમ્પલેક્ષમાં રહેતા આરોપી નિરવભાઈ ખેરાજ પાસેથી ૨,૫૦,૦૦૦ રૂપિયા ૮ ટકાના દરથી મહિને રૂપિયા ૨૦,૦૦૦ વ્યાજ આપતા હતા તથા હાલ રાજકોટ રહેતા મુકેશભાઈ શીવલાલભાઈ નથવાણી નામના આરોપી પાસેથી રૂપિયા ત્રણ લાખની સામે લગભગ રૂપિયા ૬,૦૦,૦૦૦ લાખ વ્યાજ આપેલ હતું તથા સાવરકુંડલા ગામે હાથસણી રોડ ઉપર રહેતા આરોપી જીતુભાઈ મનુભાઈ વાળા પાસેથી ઉંચા વ્યાજે બે લાખ દર મહિને રૂપિયા ૮,૦૦૦ વ્યાજ ત્રણ વર્ષથી આપેલ હતું તથા સાવરકુંડલા ગામે હાથસણી રોડ ઉપર રહેતા આરોપી મનુભાઈ ભીમભાઈ વાળા પાસેથી રૂપિયા ૬,૦૦,૦૦૦ દર મહિને ૩૦,૦૦૦ રૂપિયા વ્યાજ આપેલ હોય જેના વ્યાજના પૈસા સાવરકુંડલા હાથસણી રોડ ઉપર રહેતા આરોપી રઘુભાઈ ખુમાણ આ કામના મરણજનાર

અનુસંધાન પાના ૬ ઉપર

**વાડી માલીક પોતે છેતરાયો હોવાનુ માલુમ પડતા ભગવાધારી સાધુને લમધાર્યો**

# ધારી : રામપરા ગામમાં એકના ડબલની ધતીંગ લીલા અને દોરાધાગા થતા હોવાની વિગતો બહાર આવી

**ચલાલા પોલીસમાં ધમધમાટ છતાં હજુ ફરિયાદ નોંધાઈ નથી**

ચલાલા, તા. ૧૩

ધારી તાલુકાના નાના એવા રામપરા ગામ માથી મળેલ માહીતી મુજબ રામપરા અંદાજે બારસો માણસોની વસ્તી ધરાવતુ અને ખેતી અને મજુરી કામ આધારીત ગામ છે. નાના એવા રામપરા ગામમાં વાડી વિસ્તારમાં અજાણ્યા ભગવાધારી એક સાધુ જેવા જણાતા એક વ્યકિતના આટાફેરા લાગતા જોવા મળતા હતા. ખાસ કરીને રામપરા ગામના જ વાડી ધરાવતા એક વ્યકિતને ત્યા આ ભગવાધારી કહેવાતા સાધુની આવન જાવન જોવા મળતી હતી. વાડી ધરાવતા રામપરાના ઈસમને એકના ડબલ કરવાની લાલચ આપી તેની સાથે તરકીબ અજમાવી હતી. તેમા પૈસાની લેવડદેવડમાં પણ એકબીજાએ નકલી નોટોની આપલે કરવાની પણ વિગતો બહાર આવી છે. કહેવાતા ભગવાધારી સાધુ તાંત્રિક વીધી, એકના ડબલ તેમજ બહારથી મહીલા લાવી દેહ

અનુસંધાન પાના ૬ ઉપર

## રખડતા પશુઓની સમસ્યા દૂર તો કરો



સાવરકુંડલા શહેરમાં હાથસણી રોડ ખાતે ગતરોજ સાંજના સુમારે જાહેર રસ્તાના માર્ગ પર ગાય, બળદનું એક ટોળું આરામથી એકત્ર થઈને શાનો શોકત સાથે બેઠેલું જોવા મળેલ અને જાણે આવતાં જતાં રાહદારી, વાહનચાલકોને પૂછતું હોય કે એ ભાઈ અમારૂં ગૌચર કયાં ? અને જાણે ખુલ્લો પડકાર ફેંકતું હોય કે તાકાત હોય તો હટાવી જોવો અમને..!!! અહીંથી પસાર થતાં તમામ રાહદારીઓ અને વાહનચાલકો આમતેમ કરીને વાંકાંચૂંકા આડાઅવળા થઈને આ રસ્તે પસાર થતાં જોવા મળેલ. હા, વાતમાં તો દમ છે. કારણકે માનવ જાતે વિકાસની લ્હાયમાં આવા નિર્દોષ અને મૂંગા પશુઓને હરવા ફરવા કે ઘાસચારો ચરવા માટે પર્યાપ્ત જમીનો છીનવી અને મોટા મોટા કારખાના, કોમ્પલેક્ષ, બહુમાળી ઈમારતો કે વસાહતો બાંધીને આ માલઢોરના ભાગની જમીન પણ કયાં રહેવા દીધી છે ? એવો મૂક સવાલ આ રસ્તા પર અડ્ડો જમાવી બેઠેલા પશુઓની આંખોમાં સ્પષ્ટ વંચાતો જોવા મળેલ. આમ તો આ ઘટના માત્ર સાવરકુંડલા શહેર પૂરતી જ નથી પરંતુ ગામે ગામ ગૌચરો કેમ ટૂંકા થતા જાય છે એ તમામને માટે આ ચિંતનનો વિષય છે. જો કે વ્યવસ્થા તંત્ર દ્વારા આ સંદર્ભે શું કરવામાં આવે છે ? એવો સવાલ પણ આ રસ્તા પર અડ્ડો જમાવી બેઠેલા પશુઓ કદાચ કરી રહ્યા હશે ? શહેરમાં ઘણી વખત બે આખલાના યુદ્ધો પણ આપણે જાહેર રોડ પર કયાં નથી નિહાળેલાં ? બસ આ જ કરૂણતા છે..!! જો આ મૂંગા પશુઓને આપણી ભાષામાં વાત કરતા આવડી જાય તો તંત્રએ તેનો જવાબ દેવો પણ ભારે પડે.

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
83,500/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૧૩/૦૫/૨૦૨૫ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

વિદ્યાગુરૂ સાયન્સ સ્કૂલ
:: એડ્રેસ :: ગણેશ પાર્ટી પ્લોટ સામે, લાઠી રોડ, અમરેલી.
કાર્યક્ષેત્ર ::- ધો- 9 થી 12 સાયન્સ / કોમર્સ / RENEET
:: શૈક્ષણિક વિશેષતાઓ ::
✓ હવે અમરેલીના વિદ્યાર્થીઓ પણ (JEE - NEET) Foundation ની તૈયારી કરશે.
✓ જ્યાં થશે AdvanceMaths - Science, રીઝનિંગ, English અને GK ની અપ ટુ ડેટ Powerful તૈયારી..
મેગા સિટી જેવી આધુનિક Schooling System હવે અમરેલીમાં સૌપ્રથમ વાર...
ધો :- 9 & 10
થી જ JEE - NEET માટે એડવાન્સમાં જ તૈયારી કરાવતી એકમાત્ર સંસ્થા
... સ્કોલરશીપ યોજના ...
ધોરણ 8 95% ઉપર 9મું FREE
ધોરણ 9 95% ઉપર 10મું FREE
ધો. 8 - 9 માં 80% ઉપર મેળવનાર વિદ્યાર્થીઓ સ્કોલરશીપ પરીક્ષા આપી 50 માંથી મેળવેલ ગુણના આધારે સ્કોલરશીપ મેળવી શકશે.
#કન્યાકેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
સિલેબસ 50 હેતુલક્ષી પ્રશ્નો:- 15 MATHS + 15 SCI. + 10 ENG. + 10 S.S.
કૃણાલ ધોળકીયા Maths, M.Sc.,B.Ed. અનુભવ 10 વર્ષ
96645 82254/95863 68637
પંડ્યા મનોજભાઈ Science, M.Sc.,B.Ed. અનુભવ 14 વર્ષ
ધો.11-12 કોમર્સ હવે વિદ્યાગુરૂ માં...
• Smart Board ધરાવતા કલાસ...
• અમરેલીના ખ્યાતનામ ધુરંધર અનુભવી શિક્ષકોની ટિમ.
ADMISSION OPEN - 2025
ધોરણ 11 થી જ CA,CS & CMA FOUNDATION ની તૈયારીઓ કરાવતી સંસ્થા.
ધો-10 માં A1 અને A2 ગ્રેડ લાવનાર વિદ્યાર્થીઓને ફી માફી મળશે...
#કન્યાકેળવણી અંતર્ગત તમામ દીકરીઓને 25% ફી માફી...
ભાઈઓ-બહેનો માટે શ્રેષ્ઠ હોસ્ટેલ તથા City વાહન સુવિધા ઉપલબ્ધ
93287 12928 / 76 220 220 86

## આજના એકવીસમી સદીનાં યુગમાં પણ જર, જોરૂ અને જમીન કજીયાનાં છોરૂ

# હાય રે કળિયુગ : ભાઈએ સગ્ગાભાઈ સાથે જ વિશ્વાસઘાત કર્યો

**બાબરાનાં ઈશ્વરીયા ગામનાં જગુભાઈ ખાચર સાથે તેના સગ્ગાભાઈ દિલીપભાઈએ કર્યો વિશ્વાસઘાત**

**મોટાભાઈએ તેમના નાના ભાઈ વિરૂધ્ધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ચકચાર મચી**

**પિતાનાં અવસાન બાદ વારસાઈ હકે સંયુકત માલીકીની જમીનમાંથી મોટા ભાઈનું નામ નીકળી ગયું**

**નાનાભાઈએ મોટા ભાઈનું નામ કમી કરાવીને ખાનગી બેન્કમાંથી ૬૫ લાખની લોન પણ લીધાનો ફરિયાદમાં ઉલ્લેખ**

અમરેલી, તા. ૧૩

આજનાં એકવીસમી સદીનાં મુડીવાદનાં યુગમાં પણ વર્ષો પુરાણી આપણી કહેવત જર, જોરૂ અને જમીન એ કજીયાનાં છોરૂ સાચી સાબિત કરતી એક ઘટના બાબરાનાં ઈશ્વરીયા ગામેથી પ્રકાશમાં આવેલ છે. જેમાં નાનાભાઈએ પિતાની વારસાઈ સંયુકત માલીકીની જમીનમાંથી મોટાભાઈ અને બહેનોનાં નામની બાદબાકી કરીને તે જમીન ઉપર આઈસીઆઈસીઆઈ બેન્કમાંથી ૬૫ લાખ રૂપિયાની લોન લઈ વિશ્વાસઘાત કર્યાની ફરિયાદ મોટાભાઈએ સ્થાનિક પોલીસ સ્ટેશનમાં નોંધાવતા ચકચાર મચી છે.

વિગત એવા પ્રકારની છે કે, બાબરા પોલીસ સ્ટેશનમાં ઈશ્વરીયા ગામે રહેતા જગુભાઈ મુળુભાઈ ખાચર (ઉ.વ. ૫૮)એ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, બાબરા તાલુકાના ઈશ્વરીયા ગામે રહેતા હોય અને આજથી સતર વર્ષ પહેલા મારા પિતાજી બાબુભાઈ ઉર્ફે મુળુભાઈ ખાચરનું અવસાન થયેલ. ત્યારપછી અમો બંને ભાઈઓ જુદા થયેલ હતા અને મારા ખાતે ૧૫ વીઘા તથા મારા ભાઈ દિલીપભાઈના ખાતે ૧૫ વીઘા જમીન આવેલ. જેમાં અમો ખેતી કરતા હોય અને બાકીની અમારી વડીલોપાર્જીત ખેતીની જમીન જે ઈશ્વરીયા ગામે ખાતા નં. ૨૨ થી (૧) સર્વે નંબર–૨૦ પૈકી ૧ હે.આર. ચો.મી. ૭–૭૯–૦૩ તથા (૨) સર્વે નંબર–૨૨ હે.આરે.ચો.મી. ૩–૯૮–૬૨ તથા (૩) સર્વે નંબર–૯૬/૧ પૈકી ૩૦ હે.આરે.ચો.મી. ૦–૨–૦૨ની જમીનો જે મારા પિતાજીના અવસાન બાદ વારસાઈ હકે આવેલ હતી. જે જમીનમાં વારસદાર તરીકે મારા બા, મારા મોટા બેન તથા મારા નાના બેન તથા મારા નાના ભાઈ દિલીપભાઈ બાબુભાઈ ઉર્ફે મુળુભાઈ ખાચર તથા મારૂ નામ દાખલ થયેલ હતું અને આ ઉપરોકત સર્વે નંબર વાળી જમીન અમારા સંયુકત નામે બોલતી હોય. પરંતુ અમોએ આ જમીનમાંથી ૧૧ વીઘા જમીન મારા બાની જીવાઈ માટે તેમના ખાતે કરી આપેલ હતી અને બાકીની આશરે ૭૨ વીઘા ખેતીની જમીન સંયુકત નામે રાખેલ હતી અને અમોએ ઘરમેળે આ જમીનમાં મારો તથા દિલીપભાઈનો એક સરખો ભાગ પાડી લીધેલ હોય અને તે જમીનમાં અમો ખેતીકામ કરતા હોય અને આજથી એક વર્ષ પહેલા અમોને જાણવા મળેલ કે અમારી વડીલોપાર્જીત ખેતીની જમીન જે ઈશ્વરીયા ગામે ખાતા નં. ૨૨થી (૧) સર્વે નંબર–૨૦ પૈકી ૧ હે.આર.ચો.મી. ૭–૭૯–૦૩ તથા (૨) સર્વે નંબર–૨૨ હે.આરે.ચો.મી. ૩–૯૮–૬૨ તથા ની જમીન અમારો હકક જતો થયેલ છે અને મારા નાના ભાઈ દિલીપભાઈ બાબુભાઈ ઉર્ફે મુળુભાઈના નામે ચડી ગયેલ છે. જેથી મેં મારા ભાઈ દિલીપભાઈને રૂબરૂ મળેલ અને વાત કરેલ કે આપણી સંયુકત ખાતાની જમીનમાં મારો હકક કેમ જતો રહેલ છે. જેથી દિલીપભાઈએ મને કહેલ કે તે શરતચુકથી થયેલ છે. જેથી મેં મારા ભાઈને કહેલ કે અમારો હકક અમને મળવો જોઈએ બાકી હું ફરિયાદ કરીશ તેમ જણાવેલ. જેથી અમારા સગા સબંધી વચ્ચે પડીને અને દિલીપભાઈને સમજાવેલ અને અમોએ ઘરમેળે સમાધાન કરેલ અને આ જમીનમાં અમો બંને ભાઈઓનો હકક રહેલ હોય. પરંતુ આ જમીનમાં શરતચુકથી મારો હકક જતો રહેલ હોય પરંતુ મારો હકક કાયમ રહે તે માટે તા. ૧૮/૪/૨૦૨૪નાં રોજ બાબરા મુકામે મારા ભાઈ દિલીપભાઈ બાબુભાઈ ખાચરે અમોને બાનાખત લખી આપેલ જેમાં મારા ભાગની આવતી ખાતા નં. ૨૨ ની (૧) સર્વે નં.–૨૦ પૈકી ૧ હે.આરે.ચો.મી. ૩–૮૯–૫૧ તથા (૨) સર્વે નં.–૨૨ હે.આરે.ચો.મી. ૧–૯૯–૩૧ની કુલ હે.આર.ચો.મી. ૫–૮૮–૮૨ વાળી ખેતીની જમીનમાં બોજો, કરજ, લેણુ, મહેસુલ વિગેરે કોઈ બાકી લેણુ નીકળે તે ભરપાઈ કરી તા. ૧૮/૧૧/૨૦૨૪ સુધીમાં આ જમીન સંપૂર્ણપણે કરી ટાઈટલ કલીયર કરી આપવાનું રહેશે તે રીતે સાક્ષીની હાજરીમાં બાબરા મુકામે વકીલની ઓફીસમાં મારા ભાઈ દિલીપભાઈ બાબુભાઈ ઉર્ફે મુળુભાઈ ખાચરે મને બાનાખત કરી આપેલ હોય. બાદ બાબરાના વકીલની રૂબરૂ નોટરી કરી આપેલ હતું અને આ બાનાખતની અવધી પૂર્ણ થઈ ગયેલ હોવા છતાં મારા ભાઈ દિલીપભાઈ બાબુભાઈ ઉર્ફે મુળુભાઈ ખાચરે આ જમીન ટાઈટલ કલીયર કરી ન આપી અને આ ઉપરોકત જમીન પોતાના નામે ચડાવી દઈ અને આ જમીન ઉપર ફરી આઈસીઆઈસીઆઈ બેંક અમરેલીમાંથી રૂપિયા ૬૫,૦૦,૦૦૦ની લોન લઈ મારી સાથે ઠગાઈ કરી છેતરપિંડી અને વિશ્વાસઘાત કરેલ હોય. જેથી તેમની વિરૂધ્ધમાં ધોરણસર થવા મારી ફરિયાદ છે. તેમ અંતમાં જણાવેલ છે.

### ભરઉનાળે ચોમાસાનો માહોલ

## બાબરામાં વાદળછાંયા વાતાવરણનાં અંતે બપોરનાં સમયે છાંટા પડયા

**વાતાવરણમાં ઠંડક પ્રસરતા હાશકારો**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૩

બાબરામાં આજે સવારથી વાદળ છાયા વાતાવરણ વચ્ચે બપોરનાં સમયે વરસાદનાં મોટા છાંટા પડતા વાતાવરણમાં થોડીવાર ઠંડક પ્રસરી હતી. જો કે બાદમાં અસહ્ય બફારો અનુભવાતો હતો.

જો કે કમોસમી વરસાદ માત્ર શહેર પુરતો સીમીત હતો. ગ્રામ્ય વિસ્તારમાં કમોસમી વરસાદનાં કોઈ વાવડ મળ્યા નથી.

બાબરામાં દિવસ દરમિયાન વાદળ છાયાં વાતાવરણમાં બપોરનાં સમયે મોટા છાંટે વરસાદનું ઝાપટું પડી જતા વાતાવરણમાં ઠંડક પ્રસરી શહેરના અમુક વિસ્તારમાં વરસાદનું ઝાપટું પડયું હતું. ગ્રામ્ય વિસ્તારોમાં કયાંય વરસાદના વાવડ મળ્યા નથી.

### સારહિ યુથ કલબનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણીની રાહબરી હેઠળ

## અમરેલી ખાતે શેર એન્ડ કેર પરિવાર દ્વારા મધર્સ ડેની અનોખી ઉજવણી

**તપોવન આશ્રમનાં તપસ્વીઓની આંખોની તપાસ કરાઈ**



અમરેલી, તા. ૧૩

એક દસકાથી સમાજનાં છેવાડના વિસ્તારો સુધી સમાજ ઉપયોગી સેવાકીય પ્રવૃતિમાં શેર એન્ડ કેર પરિવારનાં મિત્રો સમયાંતરે સાર્થક સેવાકીય પ્રવૃતિઓ કરી સામાજીક ક્ષેત્રે નિઃસ્વાર્થ યોગદાન આપે છે. જે અંતર્ગત ગત તારીખ ૧૧/૫/૨૫ને રવિવારે મધર્સ ડેનાં રોજ સારહી યુથ કલબ અમરેલીનાં પ્રમુખ મુકેશભાઈ સંઘાણીની રાહબરી હેઠળ ચાલતા સારહી તપોવન આશ્રમનાં તપસ્વીઓની આંખોની તપાસ માટેનાં કેમ્પનું આયોજન કરેલ અને જરૂરીયાતમંદ તપસ્વીઓને આંખનાં ટીપાં, ચશ્મા વગેરેનું વિતરણ કરેલ. આ તકે સેવાભાવી ઓપ્થેલ્મીક આસી. ડો. ચંદ્રેશભાઈ બલદાણીયાએ સેવા આપેલ અને સારહી પરિવારનાં તપસ્વીઓના હસ્તે તેમનું સન્માન કરવામાં આવેલ. શેર એન્ડ કેર પરિવાર દ્વારા વડીલોને પુષ્પગુચ્છ આપી તેમની વંદના કરી આશિર્વાદ મેળવેલા. વિવિધ સેવાકીય પ્રવૃતિ અંતર્ગત અનોખા કાર્ય થકી સમાજને કંઈક વિશીષ્ટ સેવા આપવાની ભાવના ધરાવતા સ્પે. એજયુકેટર તેમજ શેર એન્ડ કેર પરિવારના ફાઉન્ડર રિયાઝભાઈ વેરસીયાએ પ્રસંગોચીત સંબોધન કરી જણાવેલ કે અમારૂ શેર એન્ડ કેર પરિવાર તો દરરોજ મધર્સ ડે અને ફાધર્સ ડે હોય છે તેમ માને છે. આ સમગ્ર આયોજન મુસ્તુફાભાઈ પીસાવડીએ કરેલ જેમાં પરિવારનાં સભ્ય ધમેન્દ્ર જોષી તથા મનીષભાઈ રામાણીએ સેવા આપી ધન્યતા અનુભવી.

## શહેરનો ભરપૂર વિકાસ : દિવસમાં ઝગમગાટ



ન ભૂતો ન ભવિષ્યતી. દામનગર શહેરમાં રાત બને છે દિવસ અને દિવસ બને છે રાત. એટલે કે દિવસ દરમિયાન કેટલાક વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ (થાંભલાની) શરૂ હોય છે. નગરપાલિકાની કચેરીમાં ઉપરનાં ભાગે સ્ટ્રીટ લાઈટ દિવસે શરૂ જોવા મળે છે. આને કહેવાય સફળ વિકાસ...


**''અમરેલી એકસપ્રેસ''**

અમરેલી શહેરમાં આપને ''અમરેલી એકસપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.

**સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭**



**શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત**

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

**શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ**

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

**પ્રવેશની ઉત્તમ તક...**

વર્ષ-૨૦૨૫માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

**સુવિધાઓ**

- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા, પ્રિન્સિપાલ, મો. ૯૪૨૬૨ ૪૩૨૫૦

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૦૦ થી ૧૨:૦૦ સુધી

www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા, મેનેજીંગ ટ્રસ્ટી, મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮


# બાબરા : વેરાવળ–સોમનાથ એસ.ટી. બસનું નવ પ્રસ્થાન કરાવતા ભાજપના અગ્રણીઓ



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરામાં અમરેલી ડેપોની નવા રૂટ સાથે એસ.ટી. બસ શરૂ થતાં મુસાફરો આનંદની લાગણી પ્રસરી ગઈ હતી. વળી લોકલ રૂટની શરૂ થતાં ભાડામાં પણ મુસાફરોમાં રાહત જોવા મળી હતી. બાબરા વેરાવળ સોમનાથની એસ.ટી. બસ શરૂ કરવા પાછળ ઘણા સમયથી શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા દ્વારા એસ.ટી. વિભાગને પત્ર લખી રજુઆત કરવામાં આવી હતી. ત્યારે આજે રાજયના એસ.ટી. વિભાગ દ્વારા બપોરના રૂટની એક બસ બાબરાથી સીધી સોમનાથ રૂટની શરૂ કરવામાં આવતા ભાજપના અગ્રણીઓ દ્વારા શુભારંભ કરાવ્યો હતો. બાબરા વેરાવળ સોમનાથની સીધી લોકલ બસનું આજે એસ.ટી. ડેપો બાબરા ખાતે જિલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્ર બસિયા અને શહેર ભાજપના પ્રમુખ કિરીટભાઈ પરવાડિયા દ્વારા લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવ્યું હતું. તેમજ એસ.ટી. ડ્રાઈવર અને કંડકટરને શ્રીફળ અને સાકરનો પડો અર્પણ કરી મો મીઠા કરાવી સોમનાથ મહાદેવના જયઘોસ સાથે બાબરા ડેપોમાંથી મુસાફરો સાથે બસને પ્રસ્થાન કરાવી હતી. આ તકે શહેર ભાજપના મહામંત્રી જગદીશ વાવડીયા, રમેશભાઈ સાંગડીયા, પાલિકા ઉપપ્રમુખ અંકુરભાઈ જસાણી, નગરપાલિકા સભ્ય ભુપતભાઈ બસિયા, શહેર ભાજપના પૂર્વ પ્રમુખ મુકેશભાઈ ખોખરીયા, એડવોકેટ પ્રતાપભાઈ ખાચર સહિત એસ.ટી. ડેપો બાબરાના અધિકારી અને કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## શાળાનાં ૩૩ વિદ્યાર્થીઓએ ૯૦ પીઆર, ૨૬ વિદ્યાર્થીઓએ ૯૫ પીઆર અને ૯ વિદ્યાર્થીઓએ ૯૯ પીઆર મેળવ્યા

# બાબરા : શ્રી વિવેકાનંદ વિદ્યાલયનું ધો. ૧૦નું ૧૦૦ ટકા પરિણામ

### સમગ્ર તાલુકામાં ૧ થી ૬ નંબર પર શાળાનાં વિદ્યાર્થીઓએ ટોપ સ્થાન પ્રાપ્ત કર્યુ

### એ-વન ગ્રેડમાં ૨૨ અને એ-ટુ માં ૧૧ પરીક્ષાર્થીઓએ સ્થાન મેળવી ગૌરવ વધાર્યુ

### શાળાનાં બે વિદ્યાર્થી આર્યન રાસડીયા અને કરડ ચાર્મીએ ૯૯.૯૩ પીઆર મેળવી રાજ્યમાં ૭મો ક્રમ મેળવ્યો

### મેનેજિંગ ટ્રસ્ટી ભાર્ગવ ભડાણીયા, પ્રકાશભાઈ અને સમીરભાઈ દવેએ પરીક્ષાર્થીઓને શુભેચ્છા પાઠવી

બાબરા, તા. ૧૩

બાબરામાં શ્રી વિવેકાનંદ વિદ્યાલયનું ધોરણ ૧૦ માર્ચ ૨૦૨૫ નું અદભુત અને ઉજજવળ ૧૦૦% પરિણામ આવતા સમગ્ર શાળા પરિવાર અને વિદ્યાર્થીઓમાં ખુશીની લહેર પ્રસરી ગઈ હતી. શાળા પરિવાર દ્વારા આતશબાજી કરી મોં મીઠા કરી પરિણામની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

શાળાના વિદ્યાર્થીઓએ ધોરણ ૧૦માં શાનદાર પરિણામ મેળવી સમગ્ર તાલુકા-જિલ્લામાં અને રાજયમાં ડંકો વગાડયો હતો. સમગ્ર તાલુકામાં ૧ થી ૬ ક્રમ પર શાળાના વિદ્યાર્થીઓએ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધાર્યુ જેમાં રાસડીયા આર્યન ૯૯.૯૩ પીઆર, કરડ ચાર્મી ૯૯.૯૩ પીઆર, તાલુકા પ્રથમ અને રાજયમાં સાતમાં ક્રમે આંબલિયા સાક્ષી ૯૯.૯૧ પીઆર સાથે તાલુકામાં બીજો નંબર મેળવ્યો અને દશલાણીયા યશવી ૯૯.૮૪ પીઆર સાથે તાલુકામાં ત્રીજો ક્રમ મેળવી શાળાનું નામ રોશન કર્યુ હતું.

શાળામાં ગૌરવશાળી વિદ્યાર્થીઓ રાસડીયા આર્યન અને કરડ ચાર્મીએ ૯૯.૯૩ પીઆર મેળવી તાલુકામાં પ્રથમ સ્થાન તો મેળવ્યું પણ સમગ્ર અમરેલી જિલ્લામાં ત્રીજું સ્થાન અને રાજયમાં સાતમું સ્થાન મેળવી શાળાનો ડંકો સમગ્ર તાલુકા-જિલ્લા અને રાજયના વગાડયો છે.

ધોરણ ૧૦ના પરીણામમાં વિવેકાનંદ વિદ્યાલયના ૩૩ જેટલા વિદ્યાર્થીઓએ ૯૦ પીઆર મેળવ્યા છે તેમજ ૨૬ જેટલા વિદ્યાર્થીઓએ ૯૫ પીઆર મેળવ્યા છે અને ૯ જેટલા વિદ્યાર્થીઓએ ૯૯ પીઆર મેળવી તેમજ વિવેકાનંદ વિદ્યાલયનાં ૯ જેટલા વિદ્યાર્થીઓએ ગણિત, વિજ્ઞાન અને સંસ્કૃત જેવા વિષયોમાં ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા.

આંબલિયા સાક્ષી વિજ્ઞાન અને ગણિમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ, બદમલિયા ધ્રુવી વિજ્ઞાનમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ, દસલાણીયા યશ્વી વિજ્ઞાનમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ, ડેર ધ્રુવીલ વિજ્ઞાનમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ, કરડ ચાર્મી વિજ્ઞાનમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ, રાસડીયા આર્યન સંસ્કૃતમાં અને ગણિતમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ,



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા-બાબરા

ઢોળીયા માસુમ સંસ્કૃતમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ. આ ઉપરાંત વસ્તરપરા અંજલિ સંસ્કૃતમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ અને ગોટી રોમિત ગણિતમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવ્યા હતા.

આમ વિવેકાનંદ વિદ્યાલયનાં ૯ જેટલા વિદ્યાર્થીઓએ અલગ અલગ વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી તાલુકા, જિલ્લા અને રાજય કક્ષાએ શાળાનું ગૌરવ વધારેલ છે.

પરીણામમાં વિદ્યાર્થીઓ ધ્વારા શાળાનું નામ રોશન કરતા મેનેજિંગ ટ્રસ્ટી ભાર્ગવભાઈ ભડાણીયા, આચાર્ય પ્રકાશભાઈ ચૈતન્યસ્વામી અને કેપ્સ ડાયરેકટર સમીરભાઈ દવે દ્વારા શુભેચ્છાઓ પાઠવી હતી.

## સાવરકુંડલાનાં શ્રી લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે વિશ્વ નર્સિંગ દિવસની ઉજવણી



સાવરકુંડલા, તા. ૧૩

સાવરકુંડલા:લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિર ખાતે વિશ્વ નર્સિંગ દિવસની યાદગાર ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમની શુભ શરૂઆત દીપ પ્રાગટયથી કરવામાં આવી. જે નર્સિંગ વ્યવસાયમાં સમર્પણ, સેવા અને પ્રકાશજનક યાત્રાનું પ્રતિબિંબ હતું. આ પ્રસંગે નર્સિંગ સ્ટાફના દૈનિક જીવનને ઉજાગર કરતો ભાવનાત્મક વીડિયો રજૂ કરાયો હતો. જે ઉપસ્થિત તમામ દર્શકોના હૃદયને સ્પર્શી ગયો. ત્યારબાદ નર્સિંગ ક્ષેત્રમાં કાર્યરત કેટલીક નર્સિસે પોતાની પ્રેરણાદાયી અને જીવંત અનુભવો સાથે વહેંચ્યા, જેમાં માનવતાની ભાવના અને સેવાની ઊંડાણભરી વાતોથી સૌ કોઈ પ્રભાવિત બન્યાં. આરોગ્ય મંદિરના સુપ્રિટેંડેન્ટ ડો. પ્રકાશ કટારિયાએ પોતાના વકતવ્યમાં નર્સિંગ સ્ટાફના અણમોલ યોગદાનની પ્રસંસા કરી હતી. તેમણે માનવસેવા, સહકાર અને સહાનુભૂતિના મૂલ્યો સાથે આગળ વધવા માટે સૌને પ્રેરણા આપી. વિવિધ વિભાગોના ડોકટરોએ પણ પોતાની શુભેચ્છાઓ પાઠવી અને નિષ્ઠાપૂર્વક સેવા આપતા નર્સિંગ સ્ટાફનો આભાર વ્યક્ત કર્યો.

કાર્યક્રમનું સંચાલન જસમીનભાઈ રાઠોડે નિપુણતાપૂર્વક કર્યુ હતું. કાર્યક્રમના અંતે કેક કાપી સમગ્ર નર્સિંગ ટીમ અને ઉપસ્થિતો સાથે મીઠાશભર્યો સમારોહ ઉજવાયો હતો. આ યાદગાર કાર્યક્રમને સફળ બનાવવા માટે અમિતભાઈ જોષી, અશોકભાઈ ડાભી તથા સમગ્ર આરોગ્ય મંદિર પરિવારનો નોંધપાત્ર ફાળો રહ્યો હતો. વિશેષ આ લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરનો પરિચય આપીએ તો અહીં કેશ કાઉન્ટર નથી તમામ ઉપલબ્ધ આરોગ્યલક્ષી સારવાર નિદાન દવા સમેત તમામ સેવાઓ સંપૂર્ણ નિશુલ્ક છે. આ સંસ્થાની અવિરત પ્રગતિ માટે સંસ્થાના પ્રમુખ હરેશભાઈ મહેતા, દિવ્યકાંતભાઈ સૂચક સહમંત્રી ભરતભાઈ જોષી સમેત તમામ ટ્રસ્ટીગણ પણ ખૂબ જ અંગત ધ્યાન આપી રહ્યા છે. પ.પૂ મોરારીબાપુના શુભાશિથી આ સંસ્થા તબીબી સારવાર ક્ષેત્રે નોંધનીય પ્રગતિ કરી રહી છે.

### સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત દ્વારા

## અમરેલીમાં જિલ્લા કક્ષાની સ્પોર્ટસ કોલેજ શરૂ કરવા માટે અરજી મંગવાઈ

### ૧૫મેથી ૩૦ મે સુધી ઓનલાઈન અરજી કરો

અમરેલી, તા.૧૩

'જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ કોલેજ' અંગેની ઓનલાઈન અરજીઓ sportsauthorty. Gujarat,Gov.in પરથી કરી શકાશે. પસંદગી માટેના ધારા ધોરણો રમત-ગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના ઠરાવ મુજબના રહેશે.

આ સ્પોર્ટ્સ કોલેજ માટે રાજયની હયાત યુનિવર્સિટી, યુનિવર્સિટી માન્યતા પ્રાપ્ત કોલેજની જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ કોલેજ તરીકે વિચારણા કરી શકાશે. યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન (UGS) સાથે સંલગ્ન યુનિવર્સિટી અથવા યુનિવર્સિટી સંલગ્ન અનુદાનિત કે બિન અનુદાનિત કે, સ્વનિર્ભર કોલેજનો સમાવેશ કરી શકાશે.

રમતના મેદાનો માટે ઓછામાં ઓછી ૫ એકરની જમીનની ઉપલબ્ધી જેમાં યુનિવર્સિટી/કોલેજમાં ઉપલબ્ધ મેદાન અને ઈન્ડોર રમતની માળખાકીય સુવિધાઓનો સમાવેશ થશે. સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાતના જિલ્લા રમત સંકુલ નજીકની કોલેજ હોય તો તેને છુટછાટ આપી શકાશે. તેમજ ડિસ્ટ્રીકટ લેવલ સ્પોર્ટસ સ્કુલ (DLSS) શાળાની નજીકની કોલેજ/ યુનિવર્સિટીને અગ્રતા આપવામાં આવશે.

ઓછામાં ઓછા ૨૦૦ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનિઓ માટે હોસ્ટેલની સુવિધા, પ્રાથમિક ખેલસુવિધાઓ અને વિકસિત મેદાન હશે તે પ્રથમ પસંદગીપાત્ર થશે. 'જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ કોલેજ' અંગેનો ઠરાવ ક્રમાંક SYCAD/MRT/e-file/19/2024/0030/0030/B/ તા. ૫/૩/૨૦૨૫ sportsauthority.gujarat.in વેબસાઈટ પરથી મેળવી શકાશે તેમ અમરેલી જિલ્લા રમત વિકાસ અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

### વતનનાં રતન સમા દાતાઓનાં સહયોગથી

## ચલાલાનાં મહાદેવપરા વિસ્તાર ખાતે રામજી મંદિરનો પ્રાણ-પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

### આગામી ૨૧ મેથી ૨૩ મે સુધી કાર્યક્રમ યોજાશે

ચલાલા, તા. ૧૩

અંશાવતાર દાનમહારાજની પાવન પુણ્યશાળી તપોભુમી સમસ્ત મહાદેવપરા વિસ્તારનાં દરેક ધર્મપ્રેમીઓએ વર્ષો જુનું રામજી મંદિર અને શિવાલય જર્જરિત હાલતમાં હતું ત્યારે સે ધર્મપ્રેમીઓનાં દ્રઢ સંકલ્પ સંપ અને પુરાં સંકલનથી અને અખિલ બ્રહ્માંડનાં અધિપતિની પર સંપુર્ણ શ્રધ્ધા અને વિસથી આ જર્જરિત મંદિર ને કલાત્મક દિવ્ય અને ભવ્ય બનાવવાનો સંકલ્પ કરતાં સૌ ધર્મપ્રેમીઓએ આ સંકલ્પને એક સુરે વધાવતાં જ આ દ્રઢ સંકલ્પને સાર્થક કરવા ચલાલા મહાદેવ પરા વિસ્તારનાં અને હાલ દેશ વિદેશમાં વસતાં વતનના રતન સમાન દાતાઓએ આ સંકલ્પને વધાવી પોતાની માત્રુભુમી કર્મભુમી અને પોતાની પૈતૃક ભુમીનું ઋણ ચુકવવા અને પોતાનાં વતનની માટીમાં નિર્માણ પામનાર મંદિરને ભવ્યાતિભવ્ય કલાત્મક બનાવવા કટિબદ્ધતા દાખવી ભામાશાની ભુમિકા ભજવી સમસ્ત મહાદેવપરા પરિવાર અને વતનના રતન સમાન દાતાઓનાં તન મન ધનથી સંપૂર્ણ



સહકારથી ચલાલા મહાદેવપરા વિસ્તારમાં અતી કલાત્મક દિવ્ય અને ભવ્ય રામજી મંદિરનું નિર્માણ થયું ત્યારે સમગ્ર પંથકની શોભા સમાન નિર્માણ પામેલ મંદિરમાં ભગવાન સદાશિવની શિવ પંચાયત તથા તથા રાઘવેન્દ્ર ભગવાન રામ દરબારની મનમોહક મુર્તિઓની ભવ્યાતિ ભવ્ય ત્રિદિવસીય મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું તારીખ ૨૧/૫/૨૦૨૫ થી તારીખ ૨૩/૫/૨૦૨૫ સુધી ત્રીદિવસીય વૈદિક સંસ્કૃતિ અને ગગનભેદી મંત્રોચ્ચારથી સંપન્ન થનાર ભવ્ય મુર્તિ પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવમાં અંશાવતાર દાનમહારાજની જગ્યાનાં મહંત મહારાજ પુજય વલકુબાપુ બગસરા આપાગીગા જગ્યાનાં મહંત જેરામબાપુ સતાધારનાં મહંત વિજયબાપુ તથા કરજાળા ખોડિયાર મંદિર મહંત લવજીબાપુ ગાયત્રી પરિવાર ટ્રસ્ટનાં રતીદાદા તથા ભીમનાથ મહાદેવનાં મહંત મયુર બાપુનાં સાનિધ્યમાં ધર્મસભા તથા ગુજરાતનાં ખ્યાતનામ ભજનિકો લોકસાહિત્યકારોનો ભવ્ય લોક ડાયરો તથા રાસ ગરબા અને ભવ્ય શોભાયાત્રાનું ભવ્યાતિભવ્ય ભગવત કાર્યનું આયોજન કરવામાં આવેલ હોય ત્યારે આ ત્રિદિવસીય ભવ્ય મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવનાં દરેક ધાર્મિક કાર્યક્રમોને દિવ્ય અને યાદગાર બનાવવો તે સમસ્ત મહાદેવપરા વિસ્તાર માટે જ નહીં સમસ્ત ચલાલા સહિત સમગ્ર પંથકના ગૌરવ સમાન હોય ત્યારે આ ભગવત કાર્યને સફળ બનાવવા મંદિર નવ નિર્માણ સમિતિ સમસ્ત મહાદેવ પરા પરિવાર. સ્ટેશન રોડ સાટોડીપરા નવાપરા દાનેવ પ્લોટ સહિતનાં ધર્મપ્રેમીઓ દિવ્ય અને ભવ્યાતિ ભવ્ય મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ ઉજવવા રાતદિવસ તનતોડ મહેનત કરી રહ્યાં છે તેવી અખબારી યાદીમાં મંદિર નવ નિર્માણ સમિતિ જણાવે છે.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪












### પાંચ લોકોની ધરપકડ કરાઈ

# પંજાબમાં લઠ્ઠાકાંડ: ઝેરી દારૂના કારણે ૧૪ના મોત, પાંચની હાલત ગંભીર

### ઝેરી દારૂ નેટવર્કની તપાસ કરવામાં આવી રહી છે, સરકારે દારૂ માફિયાઓ સામે કડક તપાસના આદેશ આપ્યા છે

અમૃતસર, તા.૧૩

પંજાબના અમૃતસર જિલ્લાના મજીઠામાં સોમવારે રાત્રે ઝેરી દારૂ પીવાથી 14 લોકોના મોત થયા છે. જ્યારે 5ની હાલત ગંભીર હોવાનું કહેવાય છે, જેમને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મોટાભાગના મૃતકો ભાંગલી અને મરારી કલાન ગામના રહેવાસી છે. મજીઠા પોલીસ સ્ટેશનના એસએચઓ અવતાર સિંહે જણાવ્યું હતું કે, 'ઝેરી દારૂ પીવાથી 10થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા છે. આ મામલે વધુ તપાસ કરવામાં આવી રહી છે.'અમૃતસરના એસએસપી મનીન્દર સિંહે જણાવ્યું હતું કે, 'ઝેરી દારૂ પીવાથી લોકોના મોત થયા છે. સમગ્ર મામલાની તપાસ કરવામાં આવી રહી છે. આ મામલે પ્રભજીત સિંહની ધરપકડ કરવામાં આવી છે. જે ઝેરી દારૂ સપ્લાય કરવા પાછળનો મુખ્ય સૂત્રધાર છે. તેમની સામે એક્સાઈઝ એક્ટની કલમ 105 BNS અને 61A હેઠળ કેસ નોંધવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રભજીતના ભાઈ કુલબીર સિંહ ઉર્ફે જગ્ગુ અને સાહિબ સિંહ ઉર્ફે સરાઈ, ગુરજંત સિંહ, નિંદર કૌરની પણ ધરપકડ કરવામાં આવી છે.'ઝેરી દારૂ નેટવર્કની તપાસ કરવામાં આવી રહી છે. સરકારે દારૂ માફિયાઓ સામે કડક તપાસના આદેશ આપ્યા છે. આ ઘટનાથી સમગ્ર વિસ્તારમાં ગભરાટનો માહોલ સર્જાયો છે. નોંધનીય છે કે, ઝેરી દારૂ પીવાથી મૃત્યુનો આ પહેલો કિસ્સો નથી. અગાઉ પણ પંજાબ, બિહાર, મધ્યપ્રદેશ અને ગુજરાતના વિવિધ જિલ્લાઓમાંથી આવા કિસ્સાઓ નોંધાયા છે.

### જમ્મુ કાશ્મીરમાં સુરક્ષાદળોને મોટી સફળતા

# શોપિયામાં અથડામણમાં LeT ના ૩ આતંકીનો સફાયો

### જમ્મુ અને કાશ્મીરમાં સુરક્ષાદળો આકરા પાણીએ છે

જમ્મુ, તા.૧૩

દક્ષિણ કાશ્મીરના શોપિયા જિલ્લાના કેલર ગામના શુકરુ વન વિસ્તારમાં સુરક્ષાદળો સાથે અથડામણમાં લશ્કર એ તૈયબાનો ઓપરેશનલ ચીફ શાહિદ કુટ્ટે સહિત બે અન્ય આતંકીઓનો ખાતમો થયો.

પોલીસના એક ટોચના અધિકારીએ જણાવ્યું કે અથડામણમાં લશ્કર એ તૈયબાના ઓપરેશનલ ચીફ સહિત ૩ આતંકીઓનો ખાતમો થયો છે. ચોટીપોરા હીરપોરા, શોપિયાનો રહીશ શાહિદ મોસ્ટ વોન્ટેડ આતંકીઓમાંથી એક હતો. જે ૮ માર્ચ ૨૦૨૩ના રોજ આતંકી રેંકમાં સામેલ થયો હતો અને અનેક આતંકી મામલાઓમાં સામેલ હતો. માર્યા ગયેલા આતંકીઓમાંથી ૨ આતંકીઓની ઓળખ થઈ ગઈ છે અને ૧ આતંકીની ઓળખ બાકી છે.

શાહિદ કુટ્ટે પુત્ર મોહમ્મદ યુસુફ કુટ્ટે રહીશ ચોટીપોરા હીરપોરા શોપિયા. ૮ માર્ચ ૨૦૨૩ના રોજ આતંકી સંગઠનમાં સામેલ થયેલો આ આતંકી એ કેટેગરીનો આતંકી હતો. સૂત્રના જણાવ્યાં મુજબ તે ૮ એપ્રિલ ૨૦૨૪ના રોજ ડિનેશ રિસોર્ટમાં ફાયરિંગની ઘટનામાં સામેલ હતો. જેમાં બે જર્મન પર્યટક અને એક ડ્રાઈવર ઘાયલ થયા હતા. તે ૧૮મી મે ૨૦૨૪ના રોજ શોપિયાના હીરપોરામાં ભાજપના સરપંચની હત્યામાં સામેલ હતો. તેના પર ૩ ફેબ્રુઆરી ૨૦૨૫ના રોજ કુલગામના બેહિબાગમાં ટીએ કર્મીઓની હત્યામાં સામેલ હોવાનો શક છે. અન્ય આતંકીની ઓળખ અદનાન શફી ડાર પુત્ર મોહમ્મદ શફી ડાર રહીશ વંડુના મેલહોરા, શોપિયા તરીકે થઈ છે. ૧૮ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ તે લશ્કર એ તૈયબાનો સી કેટેગરીનો આતંકી હતો. તે ૧૮ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ શોપિયાના વાચીમાં મજૂરની હત્યામાં સામેલ હતો. અધિકારીઓએ જણાવ્યું કે ત્રીજા આતંકીની ઓળખ થઈ રહી છે.

અત્રે જણાવવાનું કે આ અગાઉ શોપિયા જિલ્લાના કેલ્લર ગામના શુકરુ જંગલોમાં આતંકીઓની હાજરી અંગે સુરક્ષાદલોને એક વિશેષ ઈનપુટ મળ્યા બાદ જંગલ ક્ષેત્રમાં સુરક્ષા દળો અને આતંકીઓ વચ્ચે અથડામણ થઈ.

એક અન્ય ઘટનાક્રમમાં પહેલગામ હુમલાની તપાસ એજન્સીઓએ પહેલગામ હુમલામાં સામેલ ત્રણ આતંકીઓના પોસ્ટર બહાર પાડ્યા છે અને તેમની જાણકારી આપનારાઓને ૩૨૦ લાખ રૂપિયાનું ઈનામ આપવાની જાહેરાત કરી છે અને ઓળખ ગુપ્ત રાખવામાં આવશે. આ પોસ્ટર શોપિયા, કુલગામ, પુલવામા, અને અનંતનાગ જિલ્લાઓમાં અનેક ઠેકાણે લગાવવામાં આવ્યા હતા. પોસ્ટર પર ત્રણ આતંકીઓ મૂસા, અલીભાઈ અને સ્થાનિક આદિલ ઠોકરની વિગતો છે.

ઓપેરશન સિંદૂર હેઠળ પીઓકે અને પાકિસ્તાનમાં ૯ આતંકી કેમ્પો પર હુમલા બાદ હવે જમ્મુ કાશ્મીરમાં સક્રિય આતંકીઓ અને તેમના સમર્થકો વિરુદ્ધ અભિયાન તેજ કરાયું છે. એસઆઈએએ પરમ દિવસે દક્ષિણ કાશ્મિરમાં ઓજીડબલ્યુના ૨૦ ઘરોમાં રેડ મારી અને કહ્યું કે તેઓ સુરક્ષાદલોની અવરજવર અને પ્રતિષ્ઠાનોની રણનીતિક જાણકારીઓ શેર કરવામાં સામેલ હતા.

### મોટાભાગના સેન્ટ્રલ IB અને CBIમાં પોસ્ટેડ છે

# ગુજરાતમાં IPS ની અછત, ૨૪ કેન્દ્રીય પ્રતિનિયુક્તિ પર, અને ૧૪ વધારાના ચાર્જ સાથે

### આ સ્ટાફની અછત એવા સમયે આવી છે જ્યારે ગુજરાતમાં સાયબર ક્રાઇમ અને અન્ય ગુનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે

અમદાવાદ,તા.૧૩

ગુજરાત હાલમાં તેના પોલીસ વિભાગમાં અધિકારીઓની અછતને કારણે કાયદો અને વ્યવસ્થા જાળવવામાં એક મહત્વપૂર્ણ પડકારનો સામનો કરી રહ્યું છે.રાજ્યમાં ૨૦૮ ભારતીય પોલીસ સેવા (IPS) અધિકારીઓની અધિકૃત સંખ્યા છે, પરંતુ જાન્યુઆરી ૨૦૨૫ સુધીમાં, ફક્ત ૧૯૪ જગ્યાઓ ભરાઈ ગઈ છે, જેના કારણે ૧૪ અધિકારીઓની અછત રહી ગઈ છે. વધુમાં, ગૃહ વિભાગની સત્તાવાર માહિતી મુજબ, ગુજરાત કેડરના લગભગ ૨૪ IPS અધિકારીઓ હાલમાં કેન્દ્રીય પ્રતિનિયુક્તિ પર છે, જેના કારણે રાજ્યમાં ઉપલબ્ધ સક્રિય અધિકારીઓની સંખ્યા વધુ ઘટી ગઈ છે. વધુમાં, ૧૪ અધિકારીઓ તેમની હાલની ફરજો સાથે વધારાની જવાબદારીઓનું સંચાલન કરી રહ્યા છે.

આ સ્ટાફની અછત એવા સમયે આવી છે જ્યારે ગુજરાતમાં સાયબર ક્રાઇમ અને અન્ય ગુનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. તે વધતા ગુના દર અને રાજ્યની પોલીસ ક્ષમતા વચ્ચે વધતા અંતરને પણ પ્રકાશિત કરે છે. જૂન ૨૦૨૫ માં રાજ્ય પોલીસ વડા વિકાસ સહાય અને વરિષ્ઠ અધિકારી વિવેક શ્રીવાસ્તવની નિવૃત્તિ સાથે આ પરિસ્થિતિ વધુ ખરાબ થવાની શક્યતા છે.આ પહેલા, નોંધપાત્ર સંખ્યામાં વરિષ્ઠ IPS અધિકારીઓ ડેપ્યુટેશન પર સેવા આપી રહ્યા છે, જેમાંથી મોટાભાગના સેન્ટ્રલ IB અને CBIમાં પોસ્ટેડ છે. ગૃહ વિભાગના ટોચના સૂત્રોએ એ પણ ખુલાસો કર્યો છે કે આ ગંભીર માનવશક્તિની પરિસ્થિતિને પહોંચી વળવા માટે રાજ્ય પોલીસ વિભાગમાં મોટા પાયે ફેરબદલ ચાલી રહી છે.

### ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે આખરી તૈયારીઓ

# ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં બેલેટ પેપરથી મતદાન યોજવા સૂચના

### આ ઉપરાંત વિસર્જન થયેલી તથા મધ્યસત્ર ચૂંટણીને લઈ પૂર્વ તૈયારીઓ માટે કાર્યવાહી કરવા સૂચના આપી દેવામાં આવી છે

અમદાવાદ,તા.૧૩

ગુજરાતમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓને લઈને આખરી તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. આ ચૂંટણીઓ બેલેટ પેપરથી યોજવા માટે સૂચના આપી દેવાઈ છે. વિકાસ કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારીને બેલેટ પેપર અને કાઉન્ટિંગ હોલ સહિતની તૈયારીઓ કરવા માટે સૂચના આપી દેવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા અધિકારીઓને તૈયારીઓ માટે સૂચના આપવામાં આવી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓ યોજવાની આખરી તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. ૧-૪-૨૦૨૨ થી ૩૦-૬-૨૦૨૫ સુધી મુદત પૂર્ણ થતી હોય તેવી ગ્રામ પંચાયતોની ચૂંટણી થશે. આ ઉપરાંત વિસર્જન થયેલી તથા મધ્યસત્ર ચૂંટણીને લઈ પૂર્વ તૈયારીઓ માટે કાર્યવાહી કરવા સૂચના આપી દેવામાં આવી છે. રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા વિકાસ કમિશનર અને જિલ્લા વિકાસ અધિકારીઓને તૈયારીઓ માટે સૂચના આપી દેવામાં આવી છે. અગાઉ રાજ્ય ચૂંટણી આયોગે તમામ જિલ્લા કલેકટરો, પ્રાંત અધિકારીઓને પત્ર લખીને ગ્રામ પંચાયતની ચૂંટણી માટે તૈયાર રહેવા આદેશ કર્યો હતો. જેમાં મતદાન મથકો મંજૂર કરવા અને તેની ચકાસણી કરી પ્રમાણપત્રો મેળવી લેવા આદેશ કરાયો હતો. તે ઉપરાંત કલેકટરને લખાયેલા આ પત્રમાં ગ્રામ પંચાયતોના ચૂંટણી અધિકારી તરીકે નાયબ મામલતદારો, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી, વિસ્તરણ અધિકારીઓ તેમજ ચૂંટણી કામગીરીના અનુભવી કર્મચારીની નિયુક્તિ કરવાની રહેશે.


### આશ્રમમાં ત્રણેક કલાક વિતાવ્યા

# ટેસ્ટથી નિવૃત્તિ બાદ પ્રેમાનંદ મહારાજના આશીર્વાદ લેવા પહોંચ્યો કોહલી

### કોહલી ત્રીજી વખત વૃંદાવનમાં મહારાજજીને મળ્યો છે

મથુરા, તા.૧૩

ભારતીય ટીમના પૂર્વ કેપ્ટન વિરાટ કોહલીએ ગઈકાલે સોમવારે (૧૨ મે) ટેસ્ટ ક્રિકેટમાંથી નિવૃત્તિની જાહેરાત કર્યા બાદ આજે પત્ની અનુષ્કા સાથે વૃંદાવન ગયો હતો. બંને જણ સંત પ્રેમાનંદજી મહારાજને મળવા પહોંચ્યા હતા. ભારતીય ક્રિકેટ ટીમનો દિગ્ગજ અને શ્રેષ્ઠ ખેલાડી વિરાટ કોહલી ટેસ્ટ ફોર્મેટમાં સૌથી સફળ કેપ્ટન રહ્યો હતો. છેલ્લા કેટલાક દિવસોથી કોહલીના રિટાયરમેન્ટની ચર્ચાઓ ચાલી રહી હતી. બીસીસીઆઈ સતત તેને મનાવવા પ્રયાસ કરી રહ્યું હતું, પણ કોહલીએ ગઈકાલે સત્તાવાર ધોરણે ટેસ્ટમાંથી નિવૃત્તિની જાહેરાત કરી હતી. આ જાહેરાતની થોડી જ ક્ષણો બાદ કોહલી પત્ની અનુષ્કા સાથે મુંબઈ એરપોર્ટ પર હળવાશની પળોમાં જોવા મળ્યો હતો.



વિરાટ કોહલી આજે પત્ની અનુષ્કા શર્મા સાથે વૃંદાવનમાં સંત પ્રેમાનંદજી મહારાજને મળવા અને આશીર્વાદ લેવા રાધાકેલુકુંજ આશ્રમ પહોંચ્યો હતો. સવારે લગભગ છ વાગ્યે ત્યાં પહોંચ્યો હતો. અને સાડા ત્રણ કલાકથી વધુ સમય સુધી ત્યાં રોકાયો હતો. આશ્રમમાંથી બહાર આવ્યા બાદ કોહલી બારાહ ઘાટના સંત પ્રેમાનંદના ગુરૂ ગૌરાંગી શરણ સાથે પણ મુલાકાત કરી હતી. અને તેમના આશીર્વાદ લીધા હતા.

વિરાટ કોહલી ત્રીજી વખત વૃંદાવનમાં મહારાજજીને મળ્યો છે. ઓસ્ટ્રેલિયા પ્રવાસથી પરત ફર્યા બાદ વિરાટ ત્યાં પહોંચ્યો હતો. જાન્યુઆરી, ૨૦૨૩માં પણ વિરાટ મહારાજજીની મુલાકાત કરવા વૃંદાવન ગયો હતો. પ્રેમાનંદ મહારાજના આશીર્વાદ બાદ કોહલીએ આશરે ત્રણ વર્ષ બાદ પહેલી સદી ફટકારી હતી. શ્રીલંકા વિરૂદ્ધ વનડે ઈન્ટરનેશનલમાં કોહીલએ ૧૬૦ રન ફટકાર્યા હતા.વિરાટ કોહલી આઈપીએલ ૨૦૨૫માં રોયલ ચેલેન્જર્સ બેંગ્લુરૂ તરફથી રમી રહ્યો છે. ઘણા વર્ષો બાદ આ વખતે આરસીબી ફોર્મમાં જોવા મળી છે. ભારત-પાકિસ્તાન તણાવ વચ્ચે આઈપીએલ સ્થગિત કરવામાં આવી હતી. પણ હવે ૧૭મેના રોજ આઈપીએલ લીગ ફરીથી શરૂ થશે. બેંગ્લુરૂના એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમ પર આરસીબીની આગામી મેચ કોલકાતા નાઈટરાઈડર્સ સાથે છે.

### શિવસેના UBTના કેન્દ્ર પર પ્રહાર

# મોદી સરકારે સાવરકરનું સપનું પૂરું કરવાની તક ગુમાવી દીધી

### જો સેનાની આ કાર્યવાહી વધુ ચાર દિવસ ચાલી હોત તો કશ્મીર (PoK), કરાચી અને લાહોર પર કબજો કરી લીધો હોત

નવી દિલ્હી, તા.૧૩

ભારતીય સેનાની ત્રણેય પાંખોએ પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાબાદ વળતો જવાબ આપ્યો છે. સેનાએ ઓપરેશન સિંદૂર પાર પાડી પાકિસ્તાનને ધૂળ ચટાડી દીધી છે. તાજેતરમાં જ ભારત અને પાકિસ્તાન વચ્ચે ભારે સંઘર્ષ થયો હતો, જે હવે અટકી ગયો છે. હવે આ મામલે શિવસેના યુબીટીએ મોદી સરકાર નિશાન સાધ્યું છે. કેન્દ્ર સરકારે પાકિસ્તાન વિરુદ્ધ 'ઓપરેશન સિંદૂર'ને અટકાવતા શિવસેના યુબીટીએ વીર સાવરકરનો ઉલ્લેખ કરીને મુખપત્ર સામના આકરા પ્રહારો કર્યા છે.

શિવસેના યુબીટીએ કહ્યું કે, કેન્દ્ર સરકારે સૈન્ય કાર્યવાહી અટકાવીને હિન્દુત્વ વિચારધારક વી.ડી.સાવરકરના અખંડ ભારતના સપનાને પુરું કરવાની તક ગુમાવી દીધી છે. પાર્ટીએ મુખપત્ર 'સામના'ના તંત્રી લેખમાં કહ્યું છે કે, 'જો સેનાની આ કાર્યવાહી વધુ ચાર દિવસ ચાલી હોત તો ભારતીય સશસ્ત્ર દળોએ પાકિસ્તાનના કબજામાં રહેલા કશ્મીર (PoK), કરાચી અને લાહોર પર કબજો કરી લીધો હોત, પરંતુ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ખેલ બગાડી દીધો.'

સામનામાં વધુમાં કહેવાયું છે કે, 'લશ્કરી કાર્યવાહી બંધ કરતા પહેલા ભારતે ઓછામાં ઓછું PoK પાછું મેળવી લેવું જોઈતું હતું અને બલુચિસ્તાનને પાકિસ્તાનથી અલગ કરી દેવું જોઈતું હતું. સાવરકરે PoKથી રામેશ્વરમ અને સિંધથી આસામ સુધી વિસ્તરેલા અવિભાજિત ભારતનું સ્વપ્ન જોયું હતું. પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની સરકારે સાવરકરના અખંડ ભારતના સ્વપ્નને વાસ્તવિકતા બનાવવાની તક ગુમાવી દીધી.' લેખમાં કહેવાયું છે કે, 'હવે વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સાવરકરના નામે રાજનીતિ કરવાનો અધિકાર નથી. પીએમ મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને એકનાથ શિંદેના નેતૃત્વ હેઠળની શિવસેના તમામ અખંડ ભારતના સમર્થક છે, જોકે જ્યારે સપનું સાકાર કરવાનો સમય આવ્યો તો તેઓ પાછળ હટી ગયા.'

ઉલ્લેખનીય છે કે, જમ્મુ-કાશ્મીરના પહલગામમાં આતંકવાદી હુમલો થયા બાદ ભારતીય સેનાની ત્રણેય પાંખોએ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે. સેનાએ ઓપરેશન સિંદૂર હેઠડ પાકિસ્તાનમાં આતંવાદીઓ સહિતના અનેક ઠેકાણાને નષ્ટ કરી નાખ્યા છે. સેનાએ ૭થી ૧૦ મે સુધી કરેલી કાર્યવાહી બાદ બંને દેશો ફાયરિંગ અને સૈન્ય કાર્યવાહી અટકાવવા પર સંમત થયા છે. સરહદ પર ચાર દિવસ સુધી ડ્રોન અને મિસાઈલ હુમલા બાદ બંને દેશો સંપૂર્ણ યુદ્ધ વિરામ તરફ આગળ વધી રહ્યા છે.

### એપ્રિલમાં ફુગાવો ૩.૧૬ ટકા

# ખાદ્ય ચીજોના ભાવોમાં ઘટાડો નોંધાતા રિટેલ મોંઘવારી છ વર્ષના તળિયે

### સતત ત્રીજા મહિને રિટેલ મોંઘવારી આરબીઆઈના લક્ષ્યાંક ૪ ટકાના દરની અંદર નોંધાઈ છે

નવી દિલ્હી, તા.૧૩

ખાદ્ય ચીજોના ભાવોમાં ઘટાડો નોંધાતા રિટેલ મોંઘવારી એપ્રિલમાં ઘટી ૩.૧૬ ટકા સાથે છ વર્ષના તળિયે નોંધાઈ છે. સતત ત્રીજા મહિને રિટેલ મોંઘવારી આરબીઆઈના લક્ષ્યાંક ૪ ટકાના દરની અંદર નોંધાઈ છે. સરકાર દ્વારા સત્તાવાર જારી આંકડાઓ અનુસાર, માર્ચ, ૨૦૨૫ની તુલનાએ એપ્રિલ, ૨૦૨૫માં રિટેલ મોંઘવારી ૧૮ બેઝિસ પોઈન્ટ ઘટી જુલાઈ, ૨૦૧૯ના સૌથી નીચા તળિયે પહોંચી છે. ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર ફૂડ પ્રાઈસ ઈન્ડેક્સ (CFPI) એપ્રિલ, ૨૦૨૫માં ૧.૭૮ ટકા નોંધાયો છે. ગ્રામીણની ૧.૮૫ ટકાની તુલનાએ શહેરોમાં ૧.૬૪ ટકા સાથે ખાદ્ય ચીજોનો રિટેલ ફુગાવો નીચો રહ્યો હતો. ખાદ્ય ચીજોના ભાવમાં ઘટાડાની અસર જોવા મળી હતી. એપ્રિલમાં ખાદ્ય ચીજોમાં મોંઘવારી ૧.૭૮ ટકા નોંધાઈ છે. જે માર્ચમાં ૨.૬૯ ટકાની તુલનાએ ૯૧ બેઝિસ પોઈન્ટ ઘટી છે. આ સાથે ખાદ્ય ચીજોના ભાવ ઓક્ટોબર, ૨૦૨૧ બાદથી સૌથી નીચા નોંધાયા છે. શાકભાજી, કઠોળ, ફળો, અનાજ, પર્સનલ કેર ચીજવસ્તુઓના ભાવમાં નોંધનીય ઘટાડો જોવા મળ્યો છે.હાઉસિંગ સેક્ટરમાં ફુગાવો એપ્રિલ, ૨૦૨૫માં ૩ ટકાના દરે સ્થિર રહ્યો છે. જે માર્ચમાં ૩.૦૩ ટકા હતો. શિક્ષણ ક્ષેત્રે ફુગાવો ૪.૧૩ ટકા નોંધાયો હતો. જે માર્ચમાં ૩.૯૮ ટકા હતો. આરોગ્ય ક્ષેત્રે ફુગાવો ૪.૨૫ ટકાના દરે સ્થિર રહ્યો છે.

ઉલ્લેખનીય છે, ઈંધણ અને વીજ ક્ષેત્રે મોંઘવારીનો દર માસિક ધોરણે વધ્યો છે. જે માર્ચમાં ૧.૪૨ ટકા સામે વધી એપ્રિલ, ૨૦૨૫માં ૨.૯૨ ટકા થયો છે. પરિવહન અને કોમ્યુનિકેશન ક્ષેત્રે ફુગાવો એપ્રિલમાં ૩.૭૩ ટકા નોંધાયો છે. જે માર્ચમાં ૩.૩૬ ટકા સામે નજીવી વૃદ્ધિ દર્શાવે છે.

## છેલ્લા છ માસમાં રિટેલ ફુગાવો સતત ઘટ્યો

| માસ | રિટેલ ફુગાવો |
| --- | --- |
| ઓક્ટોબર | ૬.૨૧ ટકા |
| નવેમ્બર | ૫.૪૮ ટકા |
| ડિસેમ્બર | ૫.૨૨ ટકા |
| જાન્યુઆરી | ૪.૩૧ ટકા |
| ફેબ્રુઆરી | ૩.૬૧ ટકા |
| માર્ચ | ૩.૩૪ ટકા |
| એપ્રિલ | ૩.૧૬ ટકા |

### ભારતમાં ગયા વર્ષે નવી કરતાં જૂની કાર વધુ વેચાઈ

# નવી કરતાં સેકન્ડ હેન્ડ કારની બોલબાલા વધી

### ૨૦૨૪માં આ કાર કંપનીઓએ નવી ૫૦,૦૦૦ કારનું વેચાણ કર્યું છે, જૂની ૮૦,૦૦૦ લક્ઝરી કારનું વેચાણ

નવી દિલ્હી, તા.૧૩

ભારતમાં કારના માર્કેટમાં એક અલગ પ્રકારનો ટ્રેન્ડ જોવા મળ્યો છે. લક્ઝરી કાર કંપનીઓએ ૨૦૨૪માં તેમની નવી કાર કરતાં સેકન્ડ-હેન્ડ કારનું વધુ વેચાણ કર્યું છે. આ ટ્રેન્ડ માટે ઈકોનોમી જવાબદાર છે, પરંતુ હવે એમાં કાર બનાવતી કંપનીઓ દ્વારા પણ પોતાનો ફાયદો શોધી લેવામાં આવ્યો છે.

એક રિપોર્ટ મુજબ ભારતમાં પહેલી વાર એવું થયું છે કે લક્ઝરી કાર બનાવતી કંપનીઓએ તેમની નવી કાર કરતાં જૂની કારનું વેચાણ વધુ કર્યું હોય. ૨૦૨૪માં આ કાર કંપનીઓએ નવી ૫૦,૦૦૦ કારનું વેચાણ કર્યું છે, જ્યારે જૂની ૮૦,૦૦૦ લક્ઝરી કારનું વેચાણ થયું છે. આ વેચાણ પ્રીમિયમ ઓટોમોબાઈલ માર્કેટમાં એક ખૂબ જ મોટો બદલાવ છે.પહેલાં થોડા વર્ષોની અંદર લક્ઝરી કારની વેલ્યુ ખૂબ જ ઘટતી જોવા મળે છે. આથી લાંબા સમય સુધી કારનો ઉપયોગ કરનારા હવે નવી કાર ખરીદવાની જગ્યાએ સેકન્ડ-હેન્ડ કાર ખરીદે છે. આ પ્રકારની કાર તેમને ખૂબ જ સસ્તામાં મળી જાય છે અને તેમ છતાં પ્રીમિયમ ફીચર્સનો ઉપયોગ કરી શકે છે. લક્ઝરી કાર બ્રેન્ડ BMW, મર્સીડિઝ-બેન્ઝ, વોલ્વો અને આઉડી જેવી કંપનીઓએ સેકન્ડ-હેન્ડ કારને સર્ટિફાઈડ કરી અને આકર્ષક ફાઈનાન્સ સ્કીમ આપી વેચવાનું શરૂ કર્યું છે. આ કારની વોરન્ટી પણ હોય છે, તેથી લોકો હવે સેકન્ડ-હેન્ડ કાર ખરીદવા તરફ વધુ આકર્ષાઈ રહ્યાં છે.

લક્ઝરી કાર ખરીદનારા વ્યક્તિઓની એવરેજ ઉંમર હવે ૩૫-૪૦ વર્ષ છે. મોટાભાગના યુવાનો હવે લક્ઝરી કારમાં ખૂબ જ રસ દેખાડી રહ્યાં છે. તેમને આ કાર તો જોઈએ છે, પરંતુ તેઓ વધુ પૈસા ખર્ચવા માંગતા નથી. આથી સ્ટેટસ સિમ્બોલ માટે ખરીદનારા વ્યક્તિ નવી કાર કરતાં સેકન્ડ-હેન્ડ કારને પસંદ કરી રહ્યાં છે.

### ભારત લાંબા સમયથી નીતિ પર ચાલી રહ્યું છે

# પાકિસ્તાન PoK ખાલી કરે, કાશ્મીર મુદ્દે મધ્યસ્થી મંજૂર નથી: ભારતનો વિશ્વને જવાબ

### વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે પ્રેસ કોન્ફરન્સ યોજીને કહ્યું કે, 'પાકિસ્તાને ગેરકાયદે રીતે કબજે કરેલ કાશ્મીરને ખાલી કરવું પડશે

નવીદિલ્હી,તા.૧૩

ભારત સરકારે સ્પષ્ટ કહ્યું છે કે, જમ્મુ-કાશ્મીર સંબંધિત કોઈપણ મુદ્દો ફક્ત ભારત અને પાકિસ્તાન વચ્ચે દ્વિપક્ષીય રીતે ઉકેલાશે, તેમાં કોઈ ત્રીજા પક્ષની ભૂમિકા રહેશે નહીં. વિદેશ મંત્રાલયના પ્રવકતા રણધીર જયસ્વાલે આજે પ્રેસ કોન્ફરન્સ યોજીને કહ્યું કે, 'પાકિસ્તાને ગેરકાયદે રીતે કબજે કરેલ કાશ્મીર (PoK)ને ખાલી કરવું પડશે. ભારત લાંબા સમયથી આ નીતિ પર ચાલી રહ્યું છે અને તેમાં કોઈપણ ફેરફાર થશે નહીં.

વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'ભારત અને પાકિસ્તાનના ડીજીએમઓ વચ્ચે ૧૦ મેએ વાતચીત થઈ હતી, ત્યારબાદ બંને યુદ્ધવિરામ પર સંમત થયા હતા. પાકિસ્તાન દ્વારા તે જ દિવસે સવારે ૧૨.૩૭ કલાકે વાતચીત કરવા માટે વિનંતી કરવામાં આવી હતી. કારણ કે ટેકનિકલ કારણોસર તેઓ હોટલાઈન દ્વારા ભારતનો સંપર્ક કરી શક્યા ન હતા. ત્યારબાદ ભારતીય ડીજીએમઓની ઉપલબધતાના આધારે કોલ ૧૫:૩૫ વાગ્યે નક્કી કરાયો હતો.'ભારતે સ્પષ્ટ કહ્યું છે કે, 'યુદ્ધવિરામ પાકિસ્તાનની મજબૂરી હતી, કારણ કે તે દિવસે સવારે ભારતીય વાયુસેનાએ પાકિસ્તાનના મુખ્ય એરફોર્સ ઠેકાણાઓ પર પ્રભાવશાલી હુમલા કર્યા હતા. ભારતીય સેનાની તાકાતના કારણે જ પાકિસ્તાનને ફાયરિંગ અને સાન્ય કાર્યવાહી અટકાવવા મજબૂત કર્યું હતું.'

તેમણે એમ પણ કહ્યું કે, 'અન્ય દેશો સાથેની વાતચીત દરમિયાન ભારતે એક જ સંદેશો આપ્યો છે કે, અમે ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં માત્ર આતંકવાદી અડ્ડાઓને જ નિશાન બનાવી રહ્યા છે. જો પાકિસ્તાની સેના ફાયરિંગ કરશે, તો ભારતીય સેના પણ જવાબ આપશે. જો પાકિસ્તાન અટકશે તો ભારત પણ અટકી જશે. ઓપરેશન સિંદૂર શરૂ કરતી વખતે પાકિસ્તાનને આ જ સંદેશ અપાયો હતો, જોકે તે સમયે પાકિસ્તાને ઓપરેશન સિંદૂરની અવગણના કરી.'

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે કાશ્મીર અંગે કરેલા નિવેદન અંગે પૂછવામાં આવ્યું તો વિદેશ મંત્રાલયે કહ્યું કે, 'ભારતનું વલણ સ્પષ્ટ અને અડગ છે કે, જમ્મુ-કાશ્મીર સંબંધીત કોઈપણ મુદ્દો ભારત અને પાકિસ્તાન વચ્ચેનો દ્વિપક્ષીય મુદ્દો છે. આ નીતિમાં કોઈપણ ફેરફાર થયો નથી. પાકિસ્તાને ગેરકાયદે કબજે કરેલ ભારતીય ક્ષેત્ર (PoK) ખાલી કરવું પડશે.'વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે, 'ભારતીય સેનાએ ૭ મેથી ૧૦ મે સુધી ઓપરેશન સિંદૂર ચલાવ્યું હતું. આ દરમિયાન ભારત અને અમેરિકા વચ્ચે માત્ર સેનાની સ્થિતિ અંગે ચર્ચા થઈ છે, વેપાર સંબંધીત કોઈપણ મુદ્દો વાતચીત થઈ નથી.

### પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફનું નિવેદન

# ભારત સાથે 3 મુખ્ય મુદ્દા પર ચર્ચા થવી જોઈએ

## તેમણે કહ્યું કે કાશ્મીરના મુદ્દા પર પણ ચર્ચા થવી જોઈએ

ઈસ્લામાબાદ, તા.૧૩

તમને જણાવી દઈએ કે સોમવારે સાંજે, પાકિસ્તાન સાથે યુદ્ધવિરામના ૫૧ કલાક પછી, પીએમ મોદીએ રાત્રે ૮ વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કર્યું હતું.

પીએમએ કહ્યું કે અમે તે આતંકવાદીઓને ખતમ કરી દીધા છે જેમણે આપણી માતાઓ અને બહેનોના સિંદૂર લૂછી નાખ્યા હતા. વધુમાં જણાવ્યું કે અમારા ઓપરેશનમાં ૧૦૦ થી વધુ ખતરનાક આતંકવાદીઓ માર્યા ગયા છે. પીએમએ કહ્યું કે પાકિસ્તાનની વિનંતી પર, ભારતે સંઘર્ષ રોકવા માટે સંમતિ આપી છે. તેમણે કહ્યું કે ભારતે પાકિસ્તાન સામે ફક્ત લશ્કરી કાર્યવાહી મુલતવી રાખી છે. હવે અમે પાકિસ્તાનનું વલણ જોઈને આગળની કાર્યવાહી નક્કી કરીશું. અમે પાકિસ્તાન સાથે ફક્ત આતંકવાદ અને પીઓકે પર જ વાત કરીશું.

પહેલગામ આતંકી હુમલા બાદ ભારતે આક્રમક વલણ રાખીને ઓપરેશન સિંદૂરને અંજામ આપ્યો. જેમાં ૭મી મેના રોજ પાકિસ્તાન અને તેના કબજાવાળા કાશ્મીરમાં લશ્કર એ તૈયબા, હિજબુલ મુજાહિદીન અને જૈશ એ મોહમ્મદના ૯ આતંકી ઠેકાણાઓને નષ્ટ કરવા માટે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું હતું.

આ ઓપરેશનમાં ઓછામાં ઓછા ૧૦૦ આતંકીઓને મોતને ઘાટ ઉતાર્યા હતા. ત્યારબાદ ૧૦મી મેના રોજ ભારત અને પાકિસ્તાન શસ્ત્ર વિરામ પર સહમત થયા હતા. સોમવારે અને ૧૨ મેના રોજપીએમ મોદીએ ઓપરેશન સિંદૂર બાદ પહેલીવાર દેશને સંબોધન કર્યું. આ સંબોધનમાં પાકિસ્તાનની વારંવાર ન્યૂક્લિયર ધમકીઓ ઉપર પણ પીએમ મોદીએ મોટું નિવેદન આપ્યું હતું.

ઓપરેશન સિંદૂર પર પીએમ મોદીના ભાષણ પછી, પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફનું એક નિવેદન પ્રકાશમાં આવ્યું છે. ખ્વાજા આસિફે કહ્યું કે ભારત સાથે ૩ મુખ્ય મુદ્દાઓ પર ચર્ચા થવી જોઈએ. આસિફે કહ્યું કે ભારત સાથે સિંધુ જળ સંધિ અને બલુચિસ્તાન અને ખૈબર પખ્તુનખ્વામાં આતંકવાદી પ્રવૃત્તિઓ પર વાતચીત થવી જોઈએ. આ ઉપરાંત તેમણે કહ્યું કે કાશ્મીરના મુદ્દા પર પણ ચર્ચા થવી જોઈએ. આ સાથે તેમણે પીએમ મોદી અંગે પણ એક મોટું નિવેદન આપ્યું છે.

### બાતમી આપનારાને ૨૦ લાખનું ઈનામ

# કાશ્મીરમાં પહલગામ હુમલાના આતંકીઓના પોસ્ટર જાહેર

## પહલગામમાં બૈસરન ખીણમાં આતંકી હુમલામાં નિર્દોષ ૨૬ લોકોના જીવ લેનારા આતંકવાદીઓ પકડાયા નથી

પહલગામ, તા.૧૩

જમ્મુ-કાશ્મીરના પહલગામમાં બૈસરન ખીણમાં આતંકી હુમલામાં નિર્દોષ ૨૬ લોકોના જીવ લેનારા આતંકવાદીઓ ૨૦ દિવસ બાદ પણ પકડાયા નથી. તેમની ધરપકડ કરવા પોલીસે અને સુરક્ષાદળોએ ત્રણ આતંકવાદીઓના પોસ્ટર જાહેર કર્યા છે. તેમજ તેની બાતમી આપનારા માટે રૂ. ૨૦ લાખનું ઈનામ આપવાની જાહેરાત કરી છે. જમ્મુ-કાશ્મીર પોલીસ અને સુરક્ષાદળોની ટીમે મોટાપાયે સર્ચ ઓપરેશન હાથ ધરી હુમલાખોર આતંકવાદીઓની ધરપકડ કરવાની આકરી કવાયત હાથ ધરી છે. તેમ છતાં તેઓ હજુ સુધી પકડ્યા નથી.

પહલગામમાં ૨૨ એપ્રિલે આતંકવાદીઓએ બૈસરન ખીણમાં પર્યટકો પર અંધાધૂધ ગોળીબાર કરી ઘાતકી હુમલો કર્યો હતો. જેમાં ૨૬ નિર્દોષની તેમના જ પરિવારની સામે હત્યા કરી હતી. આ ઘટનાથી ભારત સહિત વિશ્વમાં ખળભળાટ મચ્યો હતો. આતંકવાદને વર્ષોથી પોષનારૂ અને સમર્થક પાકિસ્તાનની ભારે ટીકાઓ થઈ હતી.

ભારતીય સેનાની ત્રણેય પાંખોએ આ હુમલાનો બદલો લેવા ઓપરેશન સિંદૂર હાથ ધર્યું હતું. જેમાં પાકિસ્તાનમાં સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણા નષ્ટ કર્યા હતાં. જેમાં ૧૦૦ જેટલા આતંકવાદીઓનો સફાયો કરવામાં આવ્યો હતો.

ભારતીય સેના દ્વારા ૭ મેના રોજ આતંકવાદનો સફાયો કરવા હાથ ધરાયેલા ઓપરેશન સિંદૂર બાદ ભારત-પાકિસ્તાન વચ્ચે તણાવ વધ્યો હતો. ૭થી ૧૦ મે સુધી ચાલેલી સૈન્ય ગતિવિધિઓ બાદ સીઝફાયર પર સહમતિ આપવામાં આવી હતી. આ સીઝફાયર બાદ ગઈકાલે વડાપ્રધાન મોદીએ રાષ્ટ્રજોગ સંબોધન કર્યું હતું.

વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, પહલગામ આતંકી હુમલામાં ભારતીય મહિલાઓના સિંદૂર ઉજાડનારાને સજા આપવાના ભાગરૂપે ઓપરેશન સિંદૂર હાથ ધરાયું હતું. જયારે જયારે આતંકવાદીઓ વિરૂદ્ધ કાર્યવાહીની જરૂર પડી ત્યારે ઓપેરશન સિંદૂર હાથ ધરાશે. આ કાર્યવાહીમાં દેશનું સામાર્થ્ય અને સંયમ બંને જોવા મળ્યા. હું સૌથી પહેલા દેશની સેનાઓ, ગુપ્તચર એજન્સીઓ અને વિજ્ઞાનીઓને સલામ કરું છું. આપણા વીર સૈનિકોએ ઓપરેશન સિંદૂરના લક્ષ્યો પ્રાપ્ત કરવા માટે વીરતાને બિરદાવું છું.

### ખેડૂતો માટે રાહતના સમાચાર

# કૃષિ વિભાગે નુકસાની સરવે કરવા માટેનો આપ્યો આદેશ

## કમોસમી વરસાદના કારણે ખેડૂતોને મોટાપાયે નુકસાન

ગાંધીનગર, તા.૧૩

ગુજરાતમાં કમોસમી વરસાદને લઈને ખેડૂતોનો મોઢે આવેલો કોળિયો છીનવાઈ ગયો છે. એવામાં કૃષિ વિભાગે નુકસાનીનો સરવે કરવા માટેનો આદેશ આપ્યો છે. કમોસમી વરસાદના કારણે ખેડૂતોને મોટાપાયે નુકસાન થવાની આશંકા છે. એવામાં પ્રાથમિક સરવે પૂરો કરીને બે દિવસમાં કૃષિ વિભાગને રિપોર્ટ સબમિટ કરવાનું જણાવવામાં આવ્યું છે. સત્રના અંત સુધીમાં રિપોર્ટ રજૂ કરવામાં આવશે અને ત્યારબાદ રાજ્ય સરકાર દ્વારા નિર્ણય લેવામાં આવશે. મળતી માહિતી મુજબ કમોસમી વરસાદના કારણે કેરી, ચીકુ જેવા બાગાયતી પાકોમાં મોટાપાયે નુકસાન થયાની આશંકા છે. આ સિવાય મગ, તલના પાકને પણ નુકસાન થયું છે. છેલ્લાં એક અઠવાડિયાથી રાજ્યના વિવિધ જિલ્લાઓમાં કમોસમી વરસાદ જોવા મળ્યો છે.

જેના કારણે ખેડૂતોના ઊભા પાકને નુકસાન થયું છે. ખાસ કરીને બાગાયતી પાકમાં મોટાપાયે નુકસાન થયું હોવાનું માનવામાં આવી રહ્યું છે. એવામાં ખેડૂતોની માંગના આધારે રાજ્યના કૃષિ વિભાગ દ્વારા નુકસાનીના સરવેનો આદેશ આપવામાં આવ્યો છે. મળતી માહિતી મુજબ, બે દિવસની અંદર અધિકારીઓ પ્રાથમિક રિપોર્ટ સબમિટ કરી દેશે અને આગામી સપ્તાહમાં ફાઈનલ રિપોર્ટ કૃષિ વિભાગને સબમિટ કરશે. આ ઉપરાંત સરવેની કામગીરી SDRF (State Disaster Response Fund)ના ધારા-ધોરણ હેઠળ કરવામાં આવશે. એટલે કે, જે ખૂડતોના ૩૩% થી વધારે પાકનું નુકસાન થયું હશે તેમને વળતર આપવામાં આવશે.

### ૭૮ ઇજાગ્રસ્ત, શાહબાઝ સરકારની કબૂલાત

# ભારતની કાર્યવાહીમાં પાકિસ્તાનના ૧૧ જવાનો માર્યા ગયા, ૭૮ ઈજાગ્રસ્ત

## આમાં ૫ એરફોર્સના અધિકારીઓનો પણ સમાવેશ થાય છે

ઈસ્લામાબાદ, તા.૧૩

જમ્મુ કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકવાદી હુમલા બાદ ભારતે ૬-૭ મેની રાત્રે ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન સામે બદલો લીધો હતો. ભારતે પાકિસ્તાનમાં ઘૂસીને ૯ આતંકવાદી ઠેકાણાઓને સંપૂર્ણપણે નષ્ટ કરી દીધા, જેમાં ૧૦૦થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા. આ પછી પાકિસ્તાને ૭ થી ૧૦ મે દરમિયાન ભારત પર ડ્રોન અને મિસાઈલોથી ઘણી વખત હુમલો કર્યો, જેનો ભારતે પણ યોગ્ય જવાબ આપ્યો હતો. ભારતે તેની કાર્યવાહીમાં ૧૧ એરબેઝને તબાહ કરી દીધા હતા. હવે પાકિસ્તાને સ્વીકાર્યું છે કે ભારતીય કાર્યવાહીમાં ૧૧ પાકિસ્તાની સૈન્ય સૈનિકો માર્યા ગયા હતા, જ્યારે ૭૮ સૈનિકો ઘાયલ થયા હતા. આમાં ૫ એરફોર્સના અધિકારીઓનો પણ સમાવેશ થાય છે.

પાકિસ્તાને જણાવ્યું હતું કે ભારતની જવાબી કાર્યવાહીમાં પાકિસ્તાની સેનાના અબ્દુલ રહેમાન, દિલાવર ખાન, ઈકરામુલ્લા, ખાલિદ, મોહમ્મદ આદિલ અકબર અને નિસાર માર્યા ગયા છે, જ્યારે પાકિસ્તાન વાયુસેનાના સ્ક્વોડ્રન લીડર ઉસ્માન યુસુફ, ચીફ ટેકનિશિયન ઔરંગઝેબ, ચીફ ટેકનિશિયન નજીબ, કોર્પોરલ ટેકનિશિયન ફારૂક અને સિનિયર ટેકનિશિયન મુબાશીરનું મૃત્યુ થયું છે.

પાકિસ્તાન સ્ક્વોડ્રન લીડર ઉસ્માન યુસુફ સહિત જે પાકિસ્તાની એરફોર્સના કુલ પાંચ જવાનો માર્યા હતા એ તમામ જકોબાબાદ એર બેઝ (સિંધ પ્રાંત) પર તૈનાત હતા. ઉસ્માન અને તેના સાથીઓ ભારત સામે JF-17થી ફ્લાય કરવાની તૈયારી કરી રહ્યા હતા તે દરમિયાન ભારતે શહબાઝ એરબેઝ પર હુમલો કર્યો હતો.

ત્રણ દિવસની સતત લડાઈ પછી ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ કરાર પર હસ્તાક્ષર થયા હતા. બંને દેશો સંમત થયા કે હવે સરહદ પર શાંતિ સ્થાપિત થશે અને બંને દેશો વચ્ચે તણાવ ઓછો થશે. જોકે, પાકિસ્તાને તેની ગતિવિધિઓ બંધ ન કરી અને લગભગ ત્રણ કલાક પછી તેણે યુદ્ધવિરામનું ઉલ્લંઘન કર્યું અને ડ્રોન અને મિસાઈલોથી ફરીથી ભારત પર હુમલો કર્યો, પરંતુ ભારતે તેનો જવાબ આપ્યો હતો. ઓપરેશન સિંદૂર હેઠળ ભારતે પાકિસ્તાનને ભારે નુકસાન પહોંચાડ્યું છે. ભારતે તેની કાર્યવાહીમાં ૧૧ એરબેઝને નુકસાન થયું છે. સોમવારે (૧૨ મે) ભારતીય સેનાએ એક પ્રેસ બ્રીફિંગમાં આના પુરાવા રજૂ કર્યા હતા. પાકિસ્તાને ભારતને યુદ્ધવિરામ કરાર માટે અપીલ કરી હતી. ખરાબ રીતે હાર્યા બાદ પડોશી દેશે ૧૦ મેના રોજ બપોરે લગભગ ૩:૩૫ વાગ્યે ભારતીય સેનાના DGMOનો સંપર્ક કર્યો હતો. ત્યાં સુધીમાં ભારતે આતંકવાદી માળખાનો મોટાભાગે નાશ કરી દીધો હતો.

### સુનીલ ગાવસ્કરનું ચોંકાવનારું નિવેદન

# વિરાટ-રોહિત ૨૦૨૭નો ODI વર્લ્ડ કપ નહીં રમી શકે

## ગાવસ્કર માને છે કે પસંદગીકારોનો નિર્ણય તેમના વર્તમાન પ્રદર્શન અને ભવિષ્યની ટીમની જરૂરિયાતો પર આધારિત રહેશે

નવી દિલ્હી, તા.૧૩

વિરાટ કોહલી અને રોહિત શર્મા છેલ્લી વખત ઈંગ્લેન્ડ પ્રવાસ પર ભારત માટે ટેસ્ટ રમતા જોવા મળ્યા હોત, પરંતુ શ્રેણી શરૂ થાય તે પહેલાં જ તેમના ટેસ્ટ ફોર્મેટ છોડવાના સમાચારે બધાને આશ્ચર્યચકિત કરી દીધા. તેમણે T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી પણ નિવૃત્તિ લઈ લીધી છે. તેથી તેઓ ફક્ત વનડેમાં જ ભારત માટે રમતા જોવા મળશે.

વિરાટ કોહલીએ ૨૦૨૭ના વર્લ્ડ કપમાં રમવાની ઈચ્છા વ્યક્ત કરી છે. રોહિત ૫૦ ઓવરના વર્લ્ડ કપને પણ ઘણું મહત્વ આપે છે, પરંતુ સુનીલ ગાવસ્કરને નથી લાગતું કે રોહિત અને વિરાટનું ૨૦૨૭ના વર્લ્ડ કપમાં રમવાનું સ્વપ્ન પૂરું થશે.

એક ઈન્ટરવ્યુમાં ગાવસ્કરે કહ્યું કે ૨૦૨૭ વર્લ્ડ કપમાં તેમનું રમવું કે નહીં તે પસંદગીકારોના મંતવ્ય પર નિર્ભર રહેશે. પસંદગીકારો જોશે કે તેઓ કેવું પ્રદર્શન કરે છે. ગાવસ્કરે કહ્યું- તેમણે આ ફોર્મેટમાં ખૂબ સારું પ્રદર્શન કર્યું છે. પરંતુ પસંદગીકારો ૨૦૨૭ વર્લ્ડ કપને ધ્યાનમાં રાખશે. તેઓ જોશે કે શું તેઓ ૨૦૨૭ વર્લ્ડ કપ ટીમમાં સ્થાન મેળવી શકશે ? શું તેઓ પહેલાની જેમ યોગદાન આપી શકશે? પસંદગીકારો આને ધ્યાનમાં રાખીને નિર્ણય લેશે. જો પસંદગીકારોને લાગે કે હા, તેઓ બંને રમી શકે છે.

જ્યારે ગાવસ્કરને તેમનો અભિપ્રાય પૂછવામાં આવ્યો ત્યારે તેમણે સ્પષ્ટપણે કહ્યું કે તેમને નથી લાગતું કે વિરાટ કે રોહિત ૨૦૨૭ વર્લ્ડ કપમાં ભારતીય ODI ટીમમાં હશે. ગાવસ્કરે ભારપૂર્વક કહ્યું કે ના, મને નથી લાગતું કે તેઓ રમશે. હું સાચું કહું છું. પણ, કોણ જાણે, આગામી એક કે બે વર્ષમાં જો તેઓ ખૂબ સારું પ્રદર્શન કરે અને સતત સદીઓ ફટકારે તો ભગવાન પણ તેમને દૂર નહીં કરી શકે. વિરાટ અને રોહિતે ટેસ્ટ અને T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાંથી નિવૃત્તિ લઈ લીધી છે. હવે તે ફક્ત વનડેમાં જ રમતા જોવા મળશે. વિરાટ ૨૦૨૭નો વર્લ્ડ કપ રમવા માંગે છે. રોહિત પણ ૫૦ ઓવરના વર્લ્ડ કપને ઘણું મહત્વ આપે છે. પરંતુ ગાવસ્કરને લાગે છે કે ૨૦૨૭ના વર્લ્ડ કપમાં રમવાનું આ બંનેનું સ્વપ્ન કદાચ પૂરું નહીં થાય. ગાવસ્કરે કહ્યું કે પસંદગીકારો જોશે કે તે ૨૦૨૭ વર્લ્ડ કપ ટીમમાં સ્થાન મેળવી શકશે કે નહીં. તે તો આવનાર સમય જ બતાવશે.

### ૨૪ કલાક પછીયે તપાસ નહીં : અખિલેશ

# પુત્રીના નામે વિવાદાસ્પદ પોસ્ટ મુદ્દે અખિલેશ યાદવ ભડક્યા

## સપા અધ્યક્ષ અખિલેશ યાદવ પોતાની પુત્રી અદિતિ યાદવના નામે ફેક ફેસબુક એકાઉન્ટ બનતા ભડક્યા છે

લખનૌ, તા.૧૩

યુપીના પૂર્વ મુખ્યમંત્રી અને સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અખિલેશ યાદવ પોતાની પુત્રી અદિતિ યાદવના નામે ફેક ફેસબુક એકાઉન્ટ બનતા ભડક્યા છે. આ અંગેની જાણકારી તેમણે પોતે પોતાના X એકાઉન્ટમાં આપતાં કહ્યું હતું કે, મારી દીકરી અદિતિ યાદવના નામે એક ફેક ફેસબુક એકાઉન્ટ બનાવવામાં આવ્યું છે. જેમાં વાંધાજનક પોસ્ટ શેર કરવામાં આવી રહી છે. જેની સાથે અમારે કોઈ લેવા-દેવા નથી. આ એક ષડયંત્ર છે. અખિલેશ યાદવ પોતાની પુત્રીના નામે બનાવેલા ફેક ફેસબુક પેજ અને વિવાદાસ્પદ પોસ્ટનાં કારણે ખૂબ જ ગુસ્સે છે. ૨૪ કલાક પૂરા થયા બાદ, અખિલેશ યાદવે X પર એક પોસ્ટ મૂકીને પોતાની નારાજગી વ્યક્ત કરી. અખિલેશે કહ્યું છે કે, ૨૪ કલાક પૂરા થયા. આને અમારી એફઆઈઆર જ સમજવી. આ દરમિયાન મારી નજર એવી ઘણી પોસ્ટ મારા ધ્યાનમાં આવી જે વાંધાજનક છે. સમાજવાદી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષે વધુમાં લખ્યું હતું કે, કેટલાક અસામાજિક તત્ત્વો પણ અમારા પરિવાર અને પક્ષના નેતાઓ અને અમારી સાથે સંકળાયેલા લોકોના સમાન નામો અને ફોટોગ્રાફસનો દુરુપયોગ કરી રહ્યા છે અને ખૂબ જ નિંદનીય સોશિયલ મીડિયા પોસ્ટ્સ અને કન્ટેન્ટ શેર કરી રહ્યા છે.

આવા ફોટોગ્રાફસ અને વિચારો સાથે અમારે કોઈ લેવાદેવા નથી. આ બધું એક ષડયંત્ર છે, જેની પાછળ કાં તો કેટલાક દુષ્ટ લોકોનો રાજકીય કે આર્થિક હેતુ છે અથવા તે લોકોની અજ્ઞાનતા છે જેમને ખબર નથી કે કોઈ પોતાના હેતુઓને પૂર્ણ કરવા માટે તેમનો ઉપયોગ કરી રહ્યું છે.

જો ભાજપ સરકારનો સાયબર સિક્યુરિટી સેલ ઈચ્છે તો આવા લોકોને ૨૪ કલાકમાં નહીં પણ ૨૪ મિનિટમાં પણ પકડી શકે છે, તે ફક્ત ઉપરથી આદેશની રાહ જોઈ રહ્યા છે.

### પાકિસ્તાનને એક સંદેશ આપવાનો હતો ઉદ્દેશ

# અચાનક આદમપુર એરબેઝ કેમ પહોંચ્યાં વડાપ્રધાન મોદી

## મોદી સૈનિકોને મળ્યા અને સૈનિકોએ તેમને ઓપરેશન સિંદૂર વિશે માહિતી આપી : સૈનિકો સાથે વાતચીત કરી

આદમપુર, તા.૧૩

મંગળવારે સવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આદમપુર એરબેઝ પહોંચ્યા. પાકિસ્તાન દ્વારા સતત આ અફવા ફેલાવવામાં આવી રહી હતી કે તેણે ભારતના આદમપુર એરબેઝ પર હુમલો કર્યો છે. તેને મોટું નુકસાન થયું છે. જોકે, પીએમ નરેન્દ્ર મોદીનું વહેલી સવારે આદમપુર એરબેઝ પર આગમન પાકિસ્તાનને સંદેશ છે. ઓપરેશન સિંદૂર પછી, આદમપુરમાં સૈનિકોને પ્રોત્સાહન આપતા પીએમ મોદીની આ તસવીર અને તેમના ઉત્સાહ હવે પાકિસ્તાનને મિસાઈલ કરતાં વધુ નુકસાન પહોંચાડશે.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ "પીએમ મોદી વહેલી સવારે આદમપુર એરબેઝ ગયા હતા. તેમણે આપણા બહાદુર સૈનિકો સાથે પણ વાતચીત કરી હતી." મોદીની આ મુલાકાત ભારત અને પાકિસ્તાન વચ્ચે ઘણા દિવસોથી ચાલી રહેલા ભીષણ સંઘર્ષ બાદ થઈ રહી છે. ૭ મેના રોજ ઓપરેશન સિંદૂર હેઠળ પાડોશી દેશમાં આતંકવાદી છાવણીઓ પર ભારતીય હુમલાઓ બાદ આ સંઘર્ષ શરૂ થયો હતો. પીએમ મોદીએ આદમપુર એરબેઝની મુલાકાત અંગે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ પણ શેર કરી છે. પોતાની પોસ્ટમાં તેમણે લખ્યું, "આજે સવારે મેં AFS આદમપુરની મુલાકાત લીધી અને આપણા બહાદુર વાયુસેના યોદ્ધાઓ અને સૈનિકોને મળ્યા. હિંમત, દૃઢનિશ્ચય અને નિર્ભયતાનું પ્રતીક એવા લોકો સાથે રહેવું ખૂબ જ ખાસ અનુભવ હતો. ભારત આપણા સશસ્ત્ર દળોનો આપણા દેશ માટે જે કંઈ કરે છે તેના માટે હંમેશા આભારી રહેશે." ઉલ્લેખનિય છે કે, વડાપ્રધાન મોદીએ સોમવારે રાત્રે ૮ વાગ્યે રાષ્ટ્રને સંબોધિત કર્યું હતું અને ભારતીય સેનાની બહાદુરી વિશે વાત કરી હતી. આ દરમિયાન પીએમ મોદીએ ઓપરેશન સિંદૂર વિશે પણ વાત કરી અને કહ્યું કે "ભારતની આ કાર્યવાહીથી પાકિસ્તાન ખૂબ જ નિરાશ, હતાશ થયું હતું, અને આ હતાશામાં તેણે વધુ એક હિંમત કરી. આતંકવાદ સામે ભારતની કાર્યવાહીને સમર્થન આપવાને બદલે, પાકિસ્તાને ભારત પર હુમલો કરવાનું શરૂ કર્યું. પાકિસ્તાને આપણી શાળાઓ-કોલેજો, ગુરુદ્વારા, મંદિરો, સામાન્ય નાગરિકોના ઘરોને નિશાન બનાવ્યા, પાકિસ્તાને આપણા લશ્કરી ઠેકાણાઓને નિશાન બનાવ્યા, પરંતુ આમાં પણ પાકિસ્તાન પોતે જ ખુલ્લું પડી ગયું".

### શેરબજારમાં હાહાકાર

# રોકાણકારોના એક જ દિવસમાં ૧૫૦૦૦૦ કરોડ રૂપિયા સ્વાહા

## બીએસઇ સેન્સેક્સ ૧૨૮૧.૬૮ પોઈન્ટ (૧.૫૫%) ઘટીને ૮૧,૧૪૮.૨૨ પોઈન્ટ પર બંધ થયો હતો

મુંબઈ, તા.૧૩

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ પછી સોમવારે ભારતીય શેરબજારમાં ભારે ઉછાળો જોવા મળ્યો. જોકે આજે મંગળવારે ભારતીય બજારમાં ભયાનક ઘટાડો નોંધાયો. મંગળવારે બીએસઈ સેન્સેક્સ ૧૨૮૧.૬૮ પોઈન્ટ (૧.૫૫%) ઘટીને ૮૧,૧૪૮.૨૨ પોઈન્ટ પર બંધ થયો. તેવી જ રીતે એનએસઈ નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ આજે ૩૪૬.૩૫ પોઈન્ટ (૧.૩૯%) ના ભારે ઘટાડા સાથે ૨૪,૫૭૮.૩૫ પોઈન્ટ પર બંધ થયો. તમને જણાવી દઈએ કે ગઈકાલે બજાર જોરદાર વધારા સાથે બંધ થયું હતું. સોમવારે સેન્સેક્સ ૨૯૭૫.૪૩ પોઈન્ટના વધારા સાથે ૮૨,૪૨૯.૯૦ પોઈન્ટ પર બંધ થયો અને નિફ્ટી ૯૧૨.૮૦ પોઈન્ટના વધારા સાથે ૨૪,૯૨૦.૮૦ પોઈન્ટ પર બંધ થયો. મંગળવારે સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી માત્ર ૫ શેર લીલા નિશાનમાં બંધ થયા અને બાકીની ૨૫ કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ નિશાનમાં બંધ થયા. તેવી જ રીતે, આજે નિફ્ટી ૫૦ ની ૫૦ કંપનીઓમાંથી માત્ર ૧૪ શેર લીલા નિશાનમાં વધારા સાથે બંધ થયા અને બાકીની ૩૫ કંપનીઓના શેર ઘટાડા સાથે લાલ નિશાનમાં બંધ થયા. જ્યારે, એક કંપનીનો શેર કોઈપણ ઘટાડા વિના બંધ થયો. આજે સેન્સેક્સ કંપનીઓમાં સન ફાર્માના શેર સૌથી વધુ ૦.૯૯ ટકાના વધારા સાથે અને ઈન્ફોસિસના શેર સૌથી વધુ ૩.૫૭ ટકાના ઘટાડા સાથે બંધ થયા.

ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધવિરામ બાદ સોમવારે ભારતીય બજારમાં લગભગ ૪ ટકાનો ઉછાળો આવ્યો હતો. મંગળવારે તેજી પછી રોકાણકારોએ મોટો નફો બુક કરતા જોવા મળ્યા હતા, જેના કારણે બજારમાં ઘટાડો થયો હતો. અમેરિકા અને ચીન ટેરિફ ઘટાડવા અને આર્થિક રીતે સહયોગ કરવા સંમત થયા પછી વૈશ્વિક રોકાણકારોની ભાવના સકારાત્મક બની હતી. જોકે આનાથી ભારતીય બજારોને તાત્કાલિક ફાયદો નહીં થાય. કેટલાક નિષ્ણાતોએ અગાઉ અનુમાન લગાવ્યું હતું કે લાંબા સમય સુધી ચાલતા યુએસ-ચીન તણાવથી વૈશ્વિક ઉત્પાદકો સપ્લાય ચેઈનમાં વૈવિધ્યીકરણ કરવા અને ભારતને એક વિકલ્પ તરીકે ધ્યાનમાં લેશે. તણાવ ઓછો થતાં આ કથન કમજોર પડી ગયું છે. સોમવારે ક્રૂડ ઓઈલના ભાવ બે અઠવાડિયાના ઉચ્ચ સ્તરે પહોંચ્યા, જેને વૈશ્વિક વેપાર ભાવનામાં સુધારો થવાથી ટેકો મળ્યો. બ્રેન્ટ ક્રૂડ વધીને $64.74 પ્રતિ બેરલ થયો, અને WTI વધીને $61.77 થયો. છેલ્લા પખવાડિયામાં બંને ૫.૫% થી વધુ વધ્યા.

માર્ચના અંતમાં યુએસ ૧૦-વર્ષીય ટ્રેઝરી યીલ્ડ ૪.૨૫% થી વધીને ૪.૪૫૭% થઈ ગઈ. ઉચ્ચ બોન્ડ યીલ્ડ યુએસ સંપત્તિઓને વૈશ્વિક રોકાણકારો માટે વધુ આકર્ષક બનાવે છે, જે ઘણીવાર ભારત જેવા ઉભરતા બજારોમાંથી મૂડી દૂર લઈ જાય છે. આ વલણથી આજે ભારતીય શેરબજાર પર દબાણ આવ્યું.

### આદમપુર એરબેઝમાં બોલ્યા વડાપ્રધાન મોદી

# સેનાએ રચ્યો ઈતિહાસ, ઓપરેશન સિંદૂરની ગુંજ આખી દુનિયાએ સાંભળી

## પાકિસ્તાનમાં એવી કોઈ જગ્યા નથી જ્યાં આતંકવાદીઓ છુપાઈ શકે, અમે તેમના ઘરોમાં ઘૂસીને તેમને મારીશું અને તેમને ભાગવાનો મોકો નહીં આપીએ

આદમપુર, તા.૧૩

પંજાબઃ મંગળવારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પાકિસ્તાન પર વધુ એક પ્રહાર કર્યો હતો. પાકિસ્તાની સેનાએ પંજાબના આદમપુર એરબેઝને ઉડાવી દેવાનો દાવો કર્યો હતો અને તેની હવાઈ સંરક્ષણ પ્રણાલી S-400 ને નષ્ટ કરવાનું જુઠ્ઠું ફેલાવ્યું હતું. મંગળવારે વડાપ્રધાન મોદી એ જ આદમપુર એરબેઝ પર હતા. તેમની પાછળ એ જ S-400 હતું, જેને પાકિસ્તાને ઉડાવી દેવાનો દાવો કર્યો હતો. પીએમ મોદીએ સ્પષ્ટ સંદેશ આપ્યો કે, માત્ર યુદ્ધમાં જ નહીં, પણ જમીન પર પણ પાકિસ્તાની સેના ક્યાંય ટકી શકશે નહીં.

આ દરમિયાન, વડાપ્રધાન મોદીએ ભારતીય વાયુસેનાના સૈનિકો સાથે વાતચીત કરી હતી. પીએમ મોદીએ જણાવ્યું કે, આજે સવારે મેં AFS આદમપુરની મુલાકાત લીધી અને આપણા બહાદુર વાયુ યોદ્ધાઓ અને સૈનિકોને મળ્યા હતા. હિંમત, દૃઢ નિશ્ચય અને નિર્ભયતા જેવા ગુણો ધરાવતા લોકો સાથે રહેવું ખૂબ જ ખાસ અનુભવ હતો. ભારત હંમેશા આપણા સશસ્ત્ર દળોનો આભારી રહેશે, જે આપણા દેશ માટે કરે છે. આ પછી, પીએમ મોદીએ આદમપુર એરબેઝથી જ પાકિસ્તાનને કડક સંદેશ આપ્યો હતો.

ઓપરેશન સિંદૂરનો પડઘો દરેક ખૂણે સંભળાઈ રહ્યો છે. આ સમગ્ર ઓપરેશન દરમિયાન દરેક ભારતીય તમારી સાથે ઉભો રહ્યો છે. દરેક ભારતીયની પ્રાર્થના તમારી સાથે છે. આજે દેશનો દરેક નાગરિક તેના સૈનિકો અને તેમના પરિવારોનો ઋણી છે. ઓપરેશન સિંદૂર માત્ર એક નામ નથી, તે ભારતની નીતિ, ઈરાદા અને નિર્ણય લેવાની ક્ષમતાનો સંગમ છે. પીએમ મોદીએ કહ્યું કે, જ્યારે રાતના અંધારામાં સૂર્ય ઉગે છે અને દુશ્મનોને દેખાય છે, ત્યારે ભારત કી જય. દાયકાઓ પછી પણ, જ્યારે ભારતની આ બહાદુરીની ચર્ચા થશે, ત્યારે તમારી અને તમારા સાથીની પ્રશંસા થશે. આ આવનારી પેઢીઓ માટે પ્રેરણારૂપ છે. વીરોની આ ભૂમિ પરથી, હું સેના, નૌકાદળ અને વાયુસેનાના તમામ બહાદુર સૈનિકો અને બીએસએફના નાયકોને સલામ કરું છું.

પીએમ મોદીએ કહ્યું કે, ભારત તરફ જોવું એકમાત્ર પરિણામ વિનાશ હશે. ભારતના લોકોનું લોહી વહેવડાવવાનું એક જ પરિણામ આવશે - વિનાશ. ભારતે આતંકવાદીઓને રક્ષણ આપતી પાકિસ્તાની સેનાને પણ હરાવી દીધી છે. પીએમ મોદીએ કહ્યું કે, પાકિસ્તાનમાં એવી કોઈ જગ્યા નથી, જ્યાં આતંકવાદીઓ છુપાઈને શાંતિથી સૂઈ શકે.

પીએમ મોદીએ કહ્યું કે, ભારત બુદ્ધની ભૂમિ છે અને ગુરુ ગોવિંદ સિંહની પણ ભૂમિ છે. અન્યાયનો અંત લાવવા માટે શસ્ત્રો ઉપાડવાની આપણી પરંપરા રહી છે. જ્યારે અમારી દીકરીઓના કપાળ પરનું સિંદૂર છીનવાઈ ગયું, ત્યારે અમે તેમના ઘરમાં ઘૂસી ગયા અને તેમના પર હુમલો કર્યો હતો. તેઓ ભૂલી ગયા કે, તેઓ જેને પડકાર ફેંકી રહ્યા હતા, તે ભારતીય સેના હતી. તમે સામે હુમલો કર્યો અને તેમને મારી નાખ્યા હતા. તમે આતંકવાદના ઠેકાણાઓનો નાશ કર્યો હતો. ઓપરેશન સિંદૂરનો પડઘો દરેક ખૂણે સંભળાઈ રહ્યો છે. આ સમગ્ર ઓપરેશન દરમિયાન દરેક ભારતીય તમારી સાથે ઉભો રહ્યો હતો. દરેક ભારતીયની પ્રાર્થના તમારી સાથે છે. આજે દેશનો દરેક નાગરિક તેના સૈનિકો અને તેમના પરિવારોનો ઋણી છે. ઓપરેશન સિંદૂર માત્ર એક નામ નથી, તે ભારતની નીતિ, ઈરાદા અને નિર્ણય લેવાની ક્ષમતાનો સંગમ છે. પીએમ મોદીએ કહ્યું, જ્યારે રાતના અંધારામાં સૂર્ય ઉગે છે અને દુશ્મનોને દેખાય છે, ત્યારે ભારત કી જય. દાયકાઓ પછી પણ, જ્યારે ભારતની આ બહાદુરીની ચર્ચા થશે, ત્યારે તમારી અને તમારા સાથીની પ્રશંસા થશે. આ આવનારી પેઢીઓ માટે પ્રેરણારૂપ છે. વીરોની આ ભૂમિ પરથી, હું સેના, નૌકાદળ અને વાયુસેનાના તમામ બહાદુર સૈનિકો અને બીએસએફના નાયકોને સલામ કરું છું.

વાયુસેનાના યોદ્ધાઓ અને વાયુસેનાના કર્મચારીઓને મળ્યા બાદ, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ તેમને વિજય સંદેશ આપ્યો હતો. પીએમ મોદીએ કહ્યું કે, આ એક નવું ભારત છે, આ એક એવું ભારત છે, જે ઘૂસીને મારે છે. દુનિયાએ હમણાં જ ભારતની શક્તિ જોઈ છે. તમે બધાએ દરેક ભારતીયને ગર્વ અપાવ્યો છે. તેનાથી દરેક ભારતીયને ગર્વ થયો. તમે ઈતિહાસ રચ્યો.

### વ્યાયામ શિક્ષક ભરતીની રાહ જોતાં ઉમેદવારો માટે સમાચાર

# જૂન મહિનામાં શિક્ષણ વિભાગ દ્વારા વ્યાયામ શિક્ષકોની ભરતી હાથ ધરાશે

## ભરતી માટે ખાસ સમિતિની કરાઈ રચના કરવામાં આવી

ગાંધીનગર, તા.૧૩

છેલ્લાં ઘણાં સમયથી વ્યાયામ શિક્ષકો ભરતીને લઈને આંદોલન કરી રહ્યા હતા. ત્યારે હવે આ વ્યાયામ શિક્ષકોને લઈને મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. જે અનુસાર, જૂન મહિનામાં શિક્ષણ વિભાગ દ્વારા વ્યાયામ શિક્ષકોની ભરતી હાથ ધરવામાં આવશે. મળતી માહિતી અનુસાર, શિક્ષણ વિભાગ દ્વારા વ્યાયામ શિક્ષકોની ભરતીને લઈને નિર્ણય લેવાયો છે. જૂન મહિનામાં વ્યાયામ શિક્ષકોની ભરતી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અંગે શિક્ષણ વિભાગના અધિકારીઓ સાથે બેઠક કરી હતી, જેમાં વ્યાયામ શિક્ષકોની ભરતીને લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે.

ભરતી પ્રક્રિયાને લઈને એક કમિટીની રચના કરવાનું પણ જણાવવામાં આવ્યું છે. જેમાં શિક્ષણ વિભાગ દ્વારા કમિટીમાં શિક્ષણ મંત્રીનો અને શિક્ષણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરીનો સમાવેશ કરવામાં આવશે. આ સિવાય શિક્ષણ વિભાગના અનેક અધિકારીઓનો પણ સમિતિમાં સમાવેશ કરવામાં આવશે. મે મહિના સુધીમાં માધ્યમિક શિક્ષકોની ભરતી પ્રક્રિયા પૂર્ણ થશે.

# ચમારડીનાં ભામાશા ગોપાલભાઈ વસ્તપરાની ઉપસ્થિતિમાં મ.પ. અને રાજસ્થાનમાં સરદાર પટેલની પ્રતિમાનું થયુ અનાવરણ








રાજસ્થાનના પ્રતાપગઢ જિલ્લામાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું જેમાં પર્યાવરણ મંત્રી હીરાલાલ પાટીદાર તથા પરમાનંદ પાટીદાર (વન્ડર સિમેન્ટ) તથા શિવલાલ પાટીદાર (રાજસ્થાન પાટીદાર અધ્યક્ષ) તથા વલ્લભભાઈ પટેલ (ઈન્દોર) તથા ગોપાલભાઈ પાટીદાર તથા સમસ્ત રાજસ્થાન પાટીદાર સમાજના આગેવાનો પ્રતાપગઢની છાત્રાલયમાં હાજર રહી સરદાર સાહેબની પ્રતિમાનું અનાવરણ તથા મુલાકાત લીધી. તેમજ મધ્યપ્રદેશના પીપળીયા મંડીમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાનું અનાવરણ કરવામાં આવ્યું જેમાં મધ્યપ્રદેશના ઉપ મુખ્યમંત્રી જગદીશભાઈ દેવડા તથા સાંસદ સુધીરભાઈ ગુપ્તા તથા જિલ્લા અધ્યક્ષ રાજેશ દીક્ષિતજી તથા પર્યાવરણ મંત્રી હીરાલાલ પાટીદાર તથા પરમાનંદ પાટીદાર (વન્ડર સિમેન્ટ) તથા શિવલાલ પાટીદાર (રાજસ્થાન પાટીદાર અધ્યક્ષ) તથા વલ્લભભાઈ પટેલ (ઈન્દોર) તથા ગોપાલભાઈ પાટીદાર તથા સમસ્ત પાટીદાર વિકાસ પરિષદ ટ્રસ્ટના આગેવાનો હાજર રહી સરદાર સાહેબની પ્રતિમાનું અનાવરણ તથા મુલાકાત લીધી.

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાનાં આધેડ વેપારીને

અશોકભાઈ છગનભાઈ ચૌહાણ પાસે લેવા આવતા હોય. આ તમામ આરોપીઓ મરણજનાર અશોકભાઈ છગનભાઈ ચૌહાણને ઉંચા વ્યાજે પૈસા આપી અવાર–નવાર ઉંચા વ્યાજના પૈસાની ઉઘરાણી કરી બળજબરી પુર્વક વ્યાજના પૈસા કઢાવી લેવા અને પૈસા નહી આપે તો મારી નાખવાની ધમકી આપી, મિલ્કત પચાવી પાડવા સારૂ દબાણ કરી અશોકભાઈ છગનભાઈ ચૌહાણને માનસીક દુઃખ ત્રાસ આપી મરવા મજબુર કરતા મરણજનાર અશોકભાઈ છગનભાઈ ચૌહાણે પોતાની મેળે ગળાફાંસો ખાઈ લેતાં તેઓનું મોત નિપજતા આ બનાવમાં મૃતકના પુત્ર ધર્મભાઈ અશોકભાઈ ચૌહાણે ૮ જેટલા શખ્સો સામે ઈ બીએનએસ કલમ ૧૦૮, ૩૦૮(૫), ૩૫૧(૩), ૫૪ તથા ગુજરાત નાણાની ધીરધાર કરનારા બાબત અધિનિયમ કલમ ૪૦, ૪૨(એ), ૪૨(ડી) મુજબ ફરિયાદ નોંધાવતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.






## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૮૫ | ૧૦૩૨ |
| ૨ | ગીરનાર શીંગ | ૧૦૬૦ | ૧૦૬૦ |
| ૩ | શિંગ મોટી | ૭૨૦ | ૧૦૭૨ |
| ૪ | શિંગાદાણા ફાડા | ૮૫૫ | ૧૩૨૧ |
| ૫ | તલ સફેદ | ૧૨૦૦ | ૨૩૦૦ |
| ૬ | તલ કાળા | ૨૮૦૨૦ | ૪૦૭૫ |
| ૭ | તલ કાશ્મીરી | ૧૯૭૦ | ૧૯૭૦ |
| ૮ | બાજરો | ૩૦૦ | ૫૪૦ |
| ૯ | જુવાર | ૨૪૦ | ૭૨૫ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૩૭૨ | ૫૭૦ |
| ૧૧ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૨૮ |
| ૧૨ | મકાઈ | ૨૫૬ | ૨૫૬ |
| ૧૩ | મગ | ૧૬૨૦ | ૧૬૨૦ |
| ૧૪ | અડદ | ૧૦૦૦ | ૧૨૧૦ |
| ૧૫ | ચણા | ૬૦૦ | ૧૦૮૪ |
| ૧૬ | ચણા દેશી | ૧૦૭૩ | ૧૧૬૦ |
| ૧૭ | ચણા સફેદ | ૮૯૦ | ૧૩૪૦ |
| ૧૮ | તુવેર | ૮૦૦ | ૧૩૭૧ |
| ૧૯ | વાલ | ૯૦૦ | ૧૨૦૦ |
| ૨૦ | કપાસ | ૭૦૦ | ૧૫૮૫ |
| ૨૧ | એરંડા | ૮૭૫ | ૧૧૭૦ |
| ૨૨ | જીરૂ | ૩૩૦૦ | ૪૦૧૦ |
| ૨૩ | રાયડો | ૯૯૫ | ૯૯૫ |
| ૨૪ | રાય | ૯૦૦ | ૧૦૦૦ |
| ૨૫ | ધાણા | ૯૦૫ | ૧૫૦૦ |
| ૨૬ | ધાણી | ૧૨૨૦ | ૧૭૩૦ |
| ૨૭ | મેથી | ૬૦૦ | ૯૪૫ |
| ૨૮ | સોયાબીન | ૭૬૧ | ૮૨૨ |
| ૨૯ | કાંગ | ૨૬૫ | ૫૩૫ |

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી શહેરમાં આવેલ ભયજનક

જોગવાઈઓને આધીન અગાઉ નોટિસો આપેલ છે. છતાં ઉપરોક્ત બાબતે ઉપરોક્ત બાબતે જવાબદાર વ્યકિતઓ દ્વારા ભયજનક મકાન કે તેનો જર્જરીત ભાગ ઉતારવા કોઈ કાર્યવાહી કરેલ નથી. કરાવતા નથી. જેથી સંબંધિત હિત ધરાવનાર તમામ કબ્જેદારોને અપાયેલી નોટિસ અન્વયેની કાર્યવાહી તાત્કાલીક ધોરણે કરવા સદર નોટિસથી તાકીદ કરવામાં આવે છે. તેમ ચીફ ઓફિસરની યાદીમાં જણાવ્યું છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી જિલ્લામાં એશિયાઈ સિંહની

કરવામાં આવશે.

ગુજરાત સરકારના વન વિભાગ દ્વારા દર પાંચ વર્ષે સિંહની વસ્તી ગણતરી કરવામાં આવે છે. ગુજરાતમાં સૌપ્રથમ વર્ષ ૧૯૩૬માં સિંહ વસ્તી ગણતરી યોજાઈ હતી. ૧૬મી સિંહ વસ્તી ગણતરી અંદાજ માટે મોડર્ન ટેકનોલોજીનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

ઉલ્લેખનીય છે કે, એશિયાઈ સિંહોની વસ્તી અંદાજ માટે 'ડાયરેકટ બીટ વેરીફીકેશન' ખુબ ઉપયોગી પદ્ધતિ છે. આ પદ્ધતિથી આંકડાકીય વિશ્લેષણ અને અમલીકરણમાં સરળતાના લીધે લગભગ ૧૦૦ ટકા ચોકસાઈ મળે છે તેમજ માનક ભૂલનો અવકાશ લગભગ રહેતો નથી. ત્રણ દાયકા કરતાં પણ વધુ સમયથી અમલી આ પદ્ધતિ જંગલો, ઘાસના મેદાનો, દરિયાકાંઠાના વિસ્તારો, રેવન્યુ વિસ્તારોમાં અસરકારક અને અનુકૂળ રીતે કામ કરે છે.

૧૬મી સિંહ વસ્તી અંદાજ–૨૦૨૫ કામગીરી અન્વયે કુલ ૮ રીજીયનમાં રીજનલ અધિકારી, ઝોનલ અધિકારી, સબ ઝોનલ અધિકારી, ગણતરીકાર, મદદનીશ ગણતરીકાર, ઓબ્ઝર્વર, સ્વંયસેવકો સહિત અંદાજે કુલ ૨૯૦૦થી વધુનું માનવબળ ફરજ બજાવી રહ્યુ છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં તેમજ વન–પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા તથા રાજય મંત્રી મુકેશ પટેલના નેતૃત્વમાં વન વિભાગ દ્વારા સિંહ સંરક્ષણના પરિણામે રાજયમાં ઉત્તરોત્તર સિંહની વસ્તીમાં વધારો થઈ રહ્યો છે.

રાજયમાં સૌપ્રથમ વર્ષ ૧૯૩૬માં સિંહ વસ્તી ગણતરી યોજાઈ હતી. પ્રાપ્ત અંદાજિત આંકડા મુજબ વર્ષ ૧૯૯૫માં કરવામાં આવેલી સિંહોની વસ્તી ગણતરીમાં પુખ્ત નર, માદા, પાઠડા–બચ્ચા એમ મળીને કુલ ૩૦૪ જેટલા સિંહ નોંધાયા હતા. તેવી જ રીતે વર્ષ ૨૦૦૧માં કુલ ૩૨૭, વર્ષ ૨૦૦૫માં કુલ ૩૫૯, વર્ષ ૨૦૧૦માં કુલ ૪૧૧, વર્ષ ૨૦૧૫માં કુલ ૫૨૩ અને છેલ્લે વર્ષ ૨૦૨૦માં કુલ ૬૭૪ જેટલા સિંહોની વસ્તી નોંધાયેલી છે.

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૯૯૦ | ૧૦૪૨ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૦૬૨ |
| ૩ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૬૦૦ |
| ૪ | તલ કાળા | ૩૦૦૦ | ૩૬૩૬ |
| ૫ | જીરૂ | ૩૫૦૦ | ૪૩૭૫ |
| ૬ | કપાસ | ૧૩૫૦ | ૧૫૧૦ |
| ૭ | ઘઉં લોકવન | ૪૨૦ | ૫૩૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૫૦ | ૫૮૦ |
| ૯ | બાજરો | ૩૪૦ | ૫૦૦ |
| ૧૦ | જુવાર | ૪૭૫ | ૬૫૦ |
| ૧૧ | મગ | ૧૨૦૦ | ૧૬૧૫ |
| ૧૨ | ચણા | ૧૦૭૩ | ૧૧૦૪ |
| ૧૩ | દેશી ચણા | ૧૦૮૯ | ૧૧૭૯ |
| ૧૪ | તુવેર | ૧૧૦૩ | ૧૩૨૩ |
| ૧૫ | એરંડી | ૧૦૫૦ | ૧૧૯૬ |
| ૧૬ | મેથી | ૮૦૦ | ૧૦૧૦ |
| ૧૭ | ધાણા | ૧૨૦૦ | ૧૬૧૫ |
| ૧૮ | સોયાબીન | ૭૦૦ | ૭૪૨ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૮૫૫ | ૧૦૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૯૫ |
| ૩ | ચણા | ૯૦૧ | ૧૦૬૦ |
| ૪ | તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ૫ | એરંડા | ૯૦૦ | ૧૧૮૧ |
| ૬ | ધાણા | ૯૦૦ | ૧૨૭૦ |
| ૭ | અડદ | ૭૦૦ | ૧૦૦૦ |
| ૮ | શીંગ ફાડા | ૧૨૦૦ | ૧૨૦૦ |
| ૯ | મેથી | ૬૮૦ | ૮૫૦ |
| ૧૦ | સોયાબીન | ૭૪૧ | ૭૬૫ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૮૦૦ | ૧૦૧૧ |
| ૨ | તલ સફેદ | ૧૫૧૨ | ૨૦૮૧ |
| ૩ | તલ કાળા | ૨૭૦૦ | ૨૭૦૦ |
| ૪ | કપાસ | ૧૧૦૧ | ૧૫૧૧ |
| ૫ | બાજરો | ૫૪૧ | ૬૦૯ |
| ૬ | ઘઉં ટુકડા | ૫૩૭ | ૫૭૦ |
| ૭ | જુવાર | ૫૧૧ | ૮૩૧ |
| ૮ | તુવેર | ૧૧૫૦ | ૧૩૦૦ |
| ૯ | ચણા | ૯૮૦ | ૧૦૯૦ |
| ૧૦ | જીરૂ | ૩૨૫૦ | ૩૨૫૦ |
| ૧૧ | ધાણા | ૭૦૦ | ૭૦૦ |
| ૧૨ | રાય | ૯૫૦ | ૧૨૨૬ |
| ૧૩ | એરંડી | ૯૦૦ | ૧૦૫૧ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૫૫૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૦૦ | ૪૮૧ |
| ૩ | ઘઉં ટુકડા | ૩૫૫ | ૫૩૧ |
| ૪ | ચણા | ૭૦૦ | ૧૦૬૦ |
| ૫ | એરંડી | ૮૦૦ | ૮૦૦ |
| ૬ | ધાણા | ૧૦૦૦ | ૧૧૫૦ |
| ૭ | ચણા સફેદ | ૧૦૦૦ | ૧૦૨૦ |
| ૮ | શીંગદાણા | ૧૧૫૦ | ૧૧૯૦ |
| ૯ | મગફળી | ૭૯૦ | ૮૧૫ |
| ૧૦ | તુવેર | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૧ | સોયાબીન | ૬૬૫ | ૭૨૫ |
| ૧૨ | જુવાર | ૬૬૫ | ૬૬૫ |
| ૧૩ | તલ સફેદ | ૧૬૫૫ | ૧૬૫૫ |
| ૧૪ | જીરૂ | ૨૭૦૦ | ૨૭૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું ધારી : રામપરા ગામમાં

વ્યાપાર જેવી પ્રવૃત્તિઓ કરી રહ્યાની જાણકારી પ્રાપ્ત થઈ છે. પાંચ–સાત દિવસ પહેલા આ પંથકના સ્થાનીક પત્રકારને સઘળી વીગતો મળતા તેઓએ રામપરા કહેવાતી વાડી સ્થળ મુલાકાત કરી તપાસ કરતા કહેવાતા ભગવાધારી સાધુ પાસેથી ગાંજો પણ મળી આવ્યો હતો. અને સ્થળ પર પત્રકારની ઉપસ્થિતિમાં બધી વિગતો બહાર આવતા ઉપસ્થિત લોકોએ કહેવાતા ભગવાધારી સાધુને સારો એવો મેથીપાક પણ આપ્યો હતો. પત્રકારે સઘળો મામલો ચલાલા પોલીસ સ્ટેશનમાં પહોચાડીયો હતો. જાણવા મળેલ વિગત મુજબ ચલાલા પોલીસે તપાસનો ધમધમાટ ચાલુ કર્યો છે. પણ હજુ કોઈ ફરિયાદ દાખલ થઈ નથી. તેથી રામપરાના લોકોમા તરેહ તરેહની વાતો થઈ રહી છે. નજરે જોનારા લોકોએ જણાવેલ છે કે ચલાલા પોલીસ સ્ટેશનમાં કહેવાતો ભગવાધારી સાધુ અને રામપરાના વાડી ધરાવતા લોકોને પણ જોયા હતા. હવે આવતા દિવસોમાં ચલાલા પોલીસ તપાસ કરી કસુરવાર સામે ફરિયાદ દાખલ કરી આ કહેવાતા બનાવનો પર્દાપાથ કરે છે કે નહી તેની રામપરા પંથકના લોકોની મીટ મંડાઈ છે.


શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)

સંકુલ ધો. ૧૧–૧૨ કોમર્સ – ગર્લ્સ સ્કૂલ બપોર
સંકુલ ધો. ૧૧–૧૨ કોમર્સ – મિશ્ર સ્કૂલ સવાર
સંકુલ ધો. ૧૧–૧૨ કોમર્સ – ઈ.મી. સ્કૂલ સવાર
ગર્લ્સ સ્કૂલમાં – હોસ્ટેલ ગર્લ્સ & સીટી ગર્લ્સને પ્રવેશ
મિશ્ર સ્કૂલમાં – સીટી કુમાર & સીટી ગર્લ્સને પ્રવેશ


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ


| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૧૦ | ૧૫૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૧૮૦ | ૧૩૯૦ |
| ૩ | મગફળી | ૯૮૯ | ૧૦૧૧ |
| ૪ | જીરૂ | ૩૭૪૫ | ૪૧૭૫ |
| ૫ | ઘઉં | ૪૬૧ | ૫૨૯ |
| ૬ | તલ સફેદ | ૧૭૯૦ | ૨૦૦૦ |
| ૭ | ચણા | ૧૦૫૯ | ૧૦૯૧ |
| ૮ | એરંડા | ૧૦૬૫ | ૧૧૧૫ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૫૧૭ |
| ૨ | મગફળી | ૧૦૦૬ | ૧૦૦૬ |
| ૩ | ચણા | ૧૦૬૦ | ૧૦૬૫ |
| ૪ | જુવાર સફેદ | ૫૭૦ | ૬૦૦ |
| ૫ | એરંડા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૬ | તુવેર | ૧૧૮૨ | ૧૨૦૫ |
| ૭ | ધાણા | ૧૧૪૬ | ૧૧૪૬ |
| ૮ | જીરૂ | ૩૮૬૫ | ૩૮૬૫ |

# અમરેલી તાલુકાના ૪૫ ગામમાં સરકારી ઈમારત પર પડતું વરસાદી પાણી વહી નથી જતું








અમરેલી તાલુકાના ૪૫ ગામમાંઆવેલીસરકારીઈમારતો પર પડતુંવરસાદીપાણીવહીનથીજતુંપરંતુ તેનેસીધુંજ પૃથ્વીના પેટાળમાંઉતરવામાં આવેછે. છેલ્લાંથોડાંસમયથીનાગરિકો વરસાદીપાણીનાસંગ્રહ માટેવધુજાગૃત બન્યા છે. આજની પેઢી પ્રકૃતિ અને પર્યાવરણસંરક્ષણનાનોંધનીયપગલાઓ થકીપેઢીનેવધુઉતમતોશુંભેટઅપીશકે? અમરેલી તાલુકા વિકાસ અધિકારી જયેશ કટેશિયાકહેછેકેવરસાદીપાણીનેબચાવવા અમરેલી તાલુકાના વિવિધ ગ્રામ પંચાયત ભવન, પ્રાથમિકશાળા, આંગણવાડીઅને કોમ્યુનિટી હોલ સહિતના સરકારી ભવનની છતનો રચનાત્મક ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. મનરેગા અને ૧૫માંનાણાપંચહેઠળઅમરેલીતાલુકાના ૪૫ગામોમાંબોરઅનેપીટરિચાર્જના ૬૮ કામોકરવામાંઆવ્યાછે. મનરેગાયોજના અંતર્ગત પીટ (એક પ્રકારનો ખાડો) રિચાર્જના ૫૪ અને ૧૪ બોર રિચાર્જના કામો કરવામાં આવ્યા છે. જેમાં ગ્રામ પંચાયત ભવન, પ્રાથમિક શાળા, આંગણવાડી પાકી છત ઉપર પડતાં વરસાદી પાણીને પાઈપલાઈન વડે પીટ અને બોરમાં ઉતારવામાં આવે છે. પીટમાં ૬.૬ ઊંડોખાડોબનાવવામાંઆવેછે. જેમાં વરસાદી પાણી ભૂગર્ભમાં ઊતરી જાય તે માટે રેતી અને કપચી નાખવામાં આવે છે. કટેશિયા વધુમાં કહે છે કે બોર રિચાર્જ માટે બોરની ફરતે ૮ ફુટ ઊંડું ખોદાણ કરવામાં આવે છે. જે ગોળાકાર કે ચોરસ આકારનું હોય છે. વરસાદી પૃથ્વીના પેટાળમાં ઉતરે તે પ્રકારે તેનું ચણતર કરવામાં આવે છે. ૧૫માં નાણાપંચ હેઠળ ૩૫ જેટલા પીટ રિચાર્જના કામ કરવામાં આવ્યા છે. તેમાં પણ ૫.૫નો ૬ ફુટ ઊંડો ખાડો કરવામાંઆવે છે. વરસાદીપાણીભૂગર્ભમાંઉતરેતેવીરીતે પાકું બાંધકામ છે. અમરેલી તાલુકાના કમીગઢ, રાજસ્થળી, રંગપુર, શેડુભાર, ફતેપુર, પીઠવાજાળ, ગાવડકા, વડેરા, દેવરાજિયા, સોનારિયા સહિતના ૪૫ ગામોમાં આ જળસંચયના કામો કરવામાં આવ્યા છે. કટેશિયાએ ઉમેર્યુ કે જિલ્લાના અમરેલી તાલુકામાં થયેલા જળસંચયન આ વિકાસકાર્યોએ અન્ય નાગરિકોને પણ તેમની ઈમારતો પર વરસાદના પાણીના ભૂગર્ભમાંસંગ્રહ માટે પ્રેરણા પુરી પાડીછે. આમાટેનાગરિકઘરમાંપણટાંકાનુંનિર્માણ કરીશકેછે. અનેવરસાદીપાણીનાસંગ્રહ માટે પહેલ કરી શકે છે. વધુમાં રાજય સરકારની હર ઘર સોલારના અભિગમ થકીસોલારઉર્જાનાબખુબીઉપયોગમાટે નાગરિકો જાગૃત બન્યા છે. રાજય સરકારનાહરિયાળાગુજરાતનાસંકલ્પને સાકાર કરવા આપણે જાગૃત દાખવીએ.

### જય વસાવડા, ભવેન કચ્છીનો પ્રેરણાદાયી લેખોનો સમાવેશ

## અમરેલી જીલ્લા માહિતી કચેરી ખાતે રૂપિયા ૨૦માં કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક પ્રાપ્ત થઈ શકશે

### અંકમાં અનેક ક્ષેત્રોમાં કારકિર્દી તકો વિશે નિષ્ણાતોનું માર્ગદર્શન

અમરેલી, તા.૧૩

ધો.૧૦ અને ધો.૧૨ (સામાન્ય અને વિજ્ઞાન પ્રવાહ – સાયન્સ કોમર્સ, આટ્ર્સ) બાદ વિદ્યાર્થીઓ પોતાની કારકિર્દીનું ઘડતર કરી શકે તે માટે તેમને માર્ગદર્શન મળી રહે તે ઉદ્દેશ્ય સાથે ગુજરાત રાજય સરકારના માહિતી ખાતાદ્વારાવિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક–૨૦૨૫ તૈયાર કરવામાં આવ્યો છે.

કારકિર્દી ઘડતર માટે કયા ક્ષેત્રમાં આગળ વધવું જોઈએ ? કયો અભ્યાસક્રમ કયા સ્થળે કરી શકાય છે ? કયો અભ્યાસક્રમ કયા સ્થળેથી કરવો ? ઉજ્જવળ ભવિષ્યના નિર્માણ અને રોજગારી મેળવવા માટે કયો વિકલ્પ પસંદ કરવો ? વગેરે જેવા અનેક સવાલો બાબતે વિદ્યાર્થી અને વાલીઓને આ અંક મારફતે દિશાદર્શન થઈ શકશે.

ગુજરાતરાજયસરકારના માહિતી ખાતા દ્વારા તૈયાર કરવામાં આવેલા કારકિર્દી માર્ગદર્શન વિશેષાંક ૨૦૨૫માં ધો.૧૦ અને ધો.૧૨ પછી કારકિર્દીના વિવિધ વિકલ્પો, વિનયન વિદ્યાશાખા, મેડિકલ–પેરામેડિકલ, રાજયની વિવિધ યુનિવર્સિટીઓમાં ચાલતા વિવિધ અભ્યાસક્રમો, એન્જિનિયરિંગ ક્ષેત્રની વિવિધ શાખાઓ, ફોરેન્સિક સાયન્સ ક્ષેત્રે ઉભરતી કારકિર્દી, વિદેશમાં અભ્યાસ અને નોકરીની તકો, પ્લાસ્ટિક ટેકનોલોજીના ક્ષેત્રમાં નોકરીની તકો, ડિજિટલ મીડિયા ક્ષેત્રે કારકિર્દી, સોફ્ટવેર, કવોન્ટમ કોમ્પ્યુટિંગ, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, ભારતીય સશસ્ત્રદળો, ફિલ્મ, કલા, અભિનય, કાયદા, જનસંપર્ક, કૃષિ, ડિઝાઈન કૌશલ્ય સહિતના ક્ષેત્રોમાં આધુનિક સમયમાં કારકિર્દીના ઉમદા વિકલ્પો સહિતનું માર્ગદર્શન આ કારકિર્દી વિશેષાંક–૨૦૨૫માં આપવામાં આવ્યું છે.

દિવ્યાંગજનોના પુનવર્સન અને વિશેષ શિક્ષણના ક્ષેત્રમાં કારકિર્દીની તકો વિશે પણ આ અંકમાં સમાવિષ્ટ છે. ગુજરાતના વિખ્યાત લેખક સર્વ જય વસાવડા, ભવેન કચ્છી, બી.એન. દસ્તૂર, રમેશ તન્ના, પુલક ત્રિવેદી, એસ.આર. વિજયવર્ગીય, અંકિત દેસાઈ સહિતના લેખકઓના પ્રેરણાદાયી લેખો પણ સમાવિષ્ટ છે. જે વિદ્યાર્થીઓને ઉત્તમ ભવિષ્ય નિર્માણ માટે રાહ ચીંધશે.

જિલ્લા માહિતી કચેરી, રાજમહેલ કમ્પાઉન્ડ, જૂના માર્કેટ યાર્ડ સામે, જિલ્લા પંચાયત રોડ, અમરેલી ખાતેથી રૂબરૂમાં કચેરી સમય દરમિયાન (સવારે ૧૦:૩૦ થી સાંજે ૬:૧૦ વાગ્યા સુધી) રૂ.૨૦ની કિંમત ચૂકવીને કારકિર્દી વિશેષાંક–૨૦૨૫ પ્રાપ્ત થઈ શકશે.

### ઓપરેશન સિંદૂર બાદ હવે શું?

## ૧૪ મેના રોજ યોજાશે હાઈ લેવલ બેઠક : નવો પ્લાન બનાવાશે

### પહલગામ આતંકી હુમલાની તપાસ અને પાકિસ્તાનને આપવામાં આવનારી આગામી ચેતવણી કે જવાબી કાર્યવાહી અંગે ચર્ચા થશે

નવી દિલ્હી, તા.૧૩

'ઓપરેશન સિંદૂર' બાદ ભારતની રાષ્ટ્રીય સુરક્ષા નીતિમાં મોટો ફેરફાર આવ્યો છે. આ દરમિયાન, સરકારે ૧૪ મેના રોજ સવારે ૧૧ વાગ્યે દિલ્હીમાં હાઈ લેવલ બેઠક બોલાવી છે. બુધવારે કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS)ની બેઠક યોજાશે, જેની અધ્યક્ષતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી કરશે. આ બેઠકમાં 'ઓપરેશન સિંદૂર' બાદની રણનીતિ, પહલગામ આતંકી હુમલાની તપાસ અને પાકિસ્તાનને આપવામાં આવનારી આગામી ચેતવણી કે જવાબી કાર્યવાહી અંગે ચર્ચા થશે. એવું માનવામાં આવે છે કે આ બેઠકમાં રક્ષા મંત્રાલય, ગૃહ મંત્રાલય અને વિદેશ મંત્રાલય સાથે સંકળાયેલા ટોચના અધિકારીઓના રિપોર્ટ અને ઈન્ટેલિજન્સ ઈનપુટ્સના આધારે મોટો નિર્ણય લેવામાં આવી શકે છે. પહલગામમાં થયેલા આતંકી હુમલા બાદ કેબિનેટ કમિટી ઓન સિક્યોરિટી (CCS)ની બે વખત બેઠક યોજાઈ ચૂકી છે. પ્રથમ બેઠક ૨૩ એપ્રિલે યોજાઈ હતી, જેમાં જણાવવામાં આવ્યું હતું કે પહલગામ હુમલામાં ૨૫ ભારતીય અને એક નેપાળી નાગરિકનું મૃત્યુ થયું હતું. બીજી બેઠક ૩૦ એપ્રિલે વડાપ્રધાનના નિવાસસ્થાને યોજાઈ હતી, જેમાં જમ્મુ-કાશ્મીરની સુરક્ષા સ્થિતિની સમીક્ષા કરવામાં આવી હતી. તે પછી જ સેનાને ખુલ્લી છૂટ આપવામાં આવી હતી અને ત્રણેય સેનાઓએ સંયુક્ત રીતે 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું. CCS એ દેશની ટોચની સુરક્ષા નીતિ નિર્ધારણ સંસ્થા છે. તેમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રક્ષા મંત્રી રાજનાથ સિંહ, કેન્દ્રીય ગૃહ મંત્રી અમિત શાહ, નાણા મંત્રી નિર્મલા સીતારમણ અને વિદેશ મંત્રી એસ. જયશંકર સામેલ છે. આપને જણાવી દઈએ કે, ૧૪ મેની મહત્વની બેઠક પહેલાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદી મંગળવારે સવારે અચાનક પંજાબના આદમપુર એરબેઝ પર પહોંચ્યા હતા. અહીં તેમણે ભારતીય વાયુસેનાના અધિકારીઓ અને જવાનો સાથે મુલાકાત કરી હતી. પીએમ મોદી સાથેની મુલાકાત દરમિયાન જવાનોનો 'જોશ' ખૂબ 'હાઈ' જોવા મળ્યો હતો. તેમણે જવાનો સાથે થોડી પળો વિતાવી અને તેમની સાથે વાતચીત પણ કરી હતી.

## જાતિ આધારિત વસ્તી ગણતરી માટે કાયદામાં સુધારાની જરૂર નથી: સરકાર

નવી દિલ્હી, તા.૧૩

આગામી વસ્તી ગણતરી દરમિયાન જાતિ ગણતરી માટે આશરે ૭૦ વર્ષ જૂના હાલના વસ્તીગણતરી ધારામાં કોઈ સુધારો કરવાની જરૂર પડશે નહીં. ૧૯૪૮ના આ કાયદામાં છેલ્લે ૧૯૯૪માં સુધારો કર્યો હતો. આ કાયદા મુજબ કેન્દ્ર સરકારને ફોર્મમાં ઉલ્લેખિત વિગતો માંગવાની સત્તા મળે છે, એમ અધિકારીઓએ જણાવ્યું હતું. ભારતમાં બ્રિટશરોના રાજ દરમિયાન ૧૮૮૧થી ૧૯૩૧ સુધી થયેલી વસ્તી ગણતરી દરમિયાન તમામ જાતિઓની ગણતરી કરવામાં આવી હતી. પરંતુ ૧૯૫૧માં સ્વતંત્ર ભારતની પહેલી વસ્તી ગણતરી સમયે તત્કાલીન સરકારે અનુસૂચિત જાતિ અને જનજાતિ સિવાય હવે કોઈ પણ જાતિની ગણતરી ન કરવાનો નિર્ણય કર્યો હતો. એક દાયકા પછી, ૧૯૬૧માં કેન્દ્ર સરકારે રાજ્યોને કહ્યું હતું કે તેઓ પોતાના સર્વેક્ષણ કરે અને જો તેઓ ઈચ્છે તો રાજ્ય વિશેષ OBC યાદીઓ તૈયાર કરે. આશરે છ દાયકા પછી અને અનેક વર્ગો અને વિવિધ પક્ષોની માંગણીઓ પછી સરકારે ગયા મહિને આગામી રાષ્ટ્રવ્યાપી વસ્તી ગણતરીમાં જાતિ ગણતરીનો સમાવેશ કરવાનો નિર્ણય કર્યો હતો. કાયદાની કલમ ૮નો ઉલ્લેખ કરીને, અધિકારીઓએ જણાવ્યું હતું કે વસ્તી ગણતરી અધિકારી તેમને પૂછવાની સૂચના આપવામાં આવી હોય તેવા તમામ પ્રશ્નો પૂછી શકે છે. જે વ્યક્તિને જે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે તેનો જવાબ આપવા તે વ્યક્તિ કાનૂની રીતે બંધાયેલ છે. વ્યક્તિ પોતાની શ્રેષ્ઠ જાણકારી અને માન્યતા મુજબ પ્રશ્નનો જવાબ આપી શકે છે. જોકે કોઈપણ સ્ત્રી તેના પતિ અથવા મૃત પતિનું નામ કે રિવાજ મુજબ જેનું નામ લેવાની તેને મનાઈ હોય તેવી કોઈપણ વ્યક્તિનું નામ જણાવવા માટે બંધાયેલી રહેશે નહીં. વસ્તી ગણતરી અધિકારીઓ સાથે શેર કરાયેલી વિગતોનો ઉપયોગ કોઈની વિરુદ્ધ કરી શકાતો નથી અને તે ગુપ્ત છે.






# લીલીયા પોલીસ દ્વારા આંબા ખાતે સાઈબર અવરનેસ કાર્યક્રમ યોજાયો






પ્રવર્તમાન પરિસ્થિતિમાં સાયબર ગુન્હાઓ અટકાવવા ખૂબ જરૂરી છે અમરેલી જિલ્લાના મુખ્ય મથક નજીકના લીલીયા તાલુકાના આંબા ગામે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ આઈ.જે ગીડા તેમજ આઈટી એક્સપર્ટ સપનાબેન ધરજીયા દ્વારા એક સાયબર માર્ગદર્શન અંગે આંબાના ગ્રામજનો સાથે વાર્તાલાપ યોજાયો હતો લીલીયા પોલીસ સ્ટેશનના પીઆઈ આઈ.જે. ગીડા તેમજ સાયબર એક્સપર્ટ સપનાબેનની ઉપસ્થિતિમાં પો.કો દીપકભાઈ મકવાણા, લલીતભાઈ શ્રીમાળી, ભરતભાઈ દ્વારા સાયબર જાગૃતિ કાર્યક્રમમાં જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું જેમાં એ.પી.કે એપ્લિકેશન લગ્ન કંકોત્રી જેવી ફ્રોડ એપ્લિકેશનથી કેમ બચવું તેમજ સાયબર ફ્રોડના પ્રકારો. અને હાલના સમયમાં બનેલ બનાવો થી વાકેફ કરાયા આ તકે અમરેલી જિલ્લાના સાયબર પોલીસ સ્ટેશનના વોટ્સએપ ગ્રુપમાં જોડાવા પણ તમામ ગ્રામજનો ને સમજ કરેલ સાથે સાથે વ્યાજ ખોરી ને લગત પ્રશ્ન તેમ જ મહિલાઓને લગત પ્રશ્ન અંગે આ તકે વિશેષ ચર્ચા તેમજ માર્ગદર્શન આપવામાં આવ્યું સમગ્ર કાર્યક્રમ મોટી સંખ્યામાં આંબા ગ્રામજનો ઉપસ્થિત રહ્યા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## ધારી રીજીયનમાં રીજનલ અધિકારી, ઝોન અધિકારી, ગણતરીકાર, ઓબ્ઝર્વર જોડાયા

# અમરેલી જિલ્લામાં એશિયાઈ સિંહની વસ્તી ગણતરીનો પ્રારંભ

સ્વયંસેવકો સહિત કુલ ૫૧૧ વનકર્મીઓ સિંહોની વસ્તીનો અંદાજ મેળવશે

રાજ્યનાં કુલ ૧૧ જિલ્લાનાં ૫૮ તાલુકામાં સિંહ વસ્તી અંદાજની કામગીરી કરાશે

ડેટા રેકોર્ડિંગ માટે સમય, જીપીએસ લોકેશન, ચિન્હો, ફોટા, મુવમેન્ટની દિશા સહિતનું નિરીક્ષણ

જી.આઈ.એસ. અને સ્ટેસ્ટીકલ સોફ્ટવેરની મદદથી ડેટાનું એકત્રિકરણ, સંકલન, નિષ્કર્ષણ



અમરેલી, તા. ૧૩

રાજયના ૧૧ જિલ્લાઓમાં તા. ૧૦ થી ૧૩ મે દરમિયાન બે તબક્કામાં એશિયાઈ સિંહની વસ્તી ગણતરીથઈરહીછે.જેમાંજૂનાગઢ,ગીર સોમનાથ, ભાવનગર, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, દેવભૂમિ દ્વારકા, જામનગર, અમરેલી, પોરબંદર અને બોટાદ જિલ્લાનો સમાવેશ થાય છે.

ધારી ગીર પૂર્વ વન વિભાગ (રીજીયન) અંતર્ગત સિંહ વસ્તી અંદાજની કામગીરી હાથ ધરવામાં આવી છે. જેમાં રીજનલ અધિકારી, ઝોનલ અધિકારી, ગણતરીકાર, ઓબ્ઝર્વર સહિત કુલ ૫૧૧ સ્વંયસેવકો સિંહ વસ્તી અંદાજની કામગીરીમાં જોડાયા છે.

સિંહ વસ્તી અંદાજ માટે એશિયાટીક લાયન લેન્ડસ્કેપ મુજબ કુલ ૩૫,૦૦૦ ચો. કિમીનો વિસ્તાર કવર કરવામાં આવશે. આ માટે કુલ ૧૧ જિલ્લા અને ૫૮ તાલુકા, ૮ રીજીયન, ૩૨ ઝોન અને ૧૧૨ સબ ઝોનમાં સિંહ વસ્તી અંદાજની કામગીરી હાથ ધરવામાં આવી છે.

૧૬મી સિંહ વસ્તી અંદાજ કામગીરી અન્વયે વન વિસ્તારમાં બીટ અને વન વિસ્તારની બહાર ૩-૧૦ ગામોનું જૂથ મુજબ કામગીરી હાથ ધરવામાં આવી છે. અવલોકન રેકોર્ડિંગ માટે ૨૪ કલાકનો સમય નક્કી કરવામાં આવ્યો છે. જેમાં પ્રાથમિક અંદાજ અને આખરી અંદાજ કામગીરી કરવામાં આવી રહી છે.

ડેટા રેકોર્ડિંગ માટે સમય, જીપીએસ લોકેશન, ચિન્હો, ફોટા, મુવમેન્ટની દિશા સહિતનું નિરીક્ષણ હાથ ધરવામાં આવ્યુ છે, સહિતની વિગતો નોંધવામાં આવી છે. જી.આઈ.એસ. અને સ્ટેસ્ટીકલ સોફ્ટવેરની મદદથી ડેટાનું એકત્રિકરણ, સંકલન, નિષ્કર્ષણ, આલેખન કરવામાં આવી રહ્યુ છે. અંતે ડેટા વિશ્લેષણ બાદ સિંહની વસ્તીનો આખરી અંદાજ અહેવાલ તૈયાર

અનુસંધાન પાના ૬ ઉપર

## અમરેલી શહેરમાં આવેલ ભયજનક અને જર્જરિત મકાનોને તાકીદે હટાવી લેવા પાલિકાની તાકીદ

અમરેલી, તા. ૧૩

અમરેલી શહેર હદ વિસ્તારમાં આવેલ તમામ સરકારી, અર્ધ સરકારી, બિન સરકારી, ખાનગી, સ્લમ તથા અન્ય તમામ કવાર્ટસ તથા મકાન/ઈમારતમાં રહેતા કે ઉપયોગ કરતા કે હિત ધરાવતા તમામ વ્યકિતઓ/સમુહને જાહેર ચેતવણી/નોટિસ આપવામાં આવે છે કે, તેઓએ પોતાના મકાનનો ભયજનક/જર્જરિત ભાગ તાકીદે ઉતારી લઈ બાકીના ભાગને સુરક્ષિત કરવાની કાર્યવાહી કાયદાને આધીન મિલ્કતને કે જાનમાલને નુકસાન થશે. તો તેની સંપુર્ણ જવાબદારી આવા મકાન/ઈમારતના માલિક, કબ્જેદારો, હિત ધરાવતા તમામ વ્યકિતઓની રહેશે. જેની ગંભીર નોંધ તમામે લેવી. આવા ભયજનક/જર્જરીત મકાનોમાં કોઈપણ વ્યકિતએ પ્રવેશ કરવો નહિ. તેમજ વસવાટ કે અન્ય કોઈ ઉપયોગ કરવો નહીં. તેમજ આવા ભયજનક જણાતા મકાનની આસપાસ અવરજવર કરવી નહીં તથા આજુબાજુના મકાન ઉપયોગકર્તાઓએ સાવચેતીના ભાગરૂપે પુરતી કાળજી રાખવી. અમરેલી નગરપાલિકાએ ગુજરાત નગરપાલિકા અધિનિયમની

અનુસંધાન પાના ૬ ઉપર
















*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI.(Gujarat)